Wednesday 04, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

હવે વાપી પંથકના પાંચ લાખ લોકોને ઘરઆંગણે તબીબી સુવિધા

વાપીમાં મુખ્યમંત્રીએ ૧૫૦ બેડની મીની સિવિલનું લોકાર્પણ કર્યુ

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતના મંત્રીઓએ રૂા. ૪૮.૨૨ કરોડના ખર્ચે નવનિર્મિત હોસ્પિટલના વિવિધ વોર્ડ અને ઓપરેશન થિયેટરોનું નિરિક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૩ : રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂા. ૪૮.૨૨ કરોડના ખર્ચે નવનિર્મિત વાપીની ૧૫૦ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ગરીમામય ઉપસ્થિતિ રહી હતી. વાપી અને આસપાસના લાખો લોકો માટે ઉપયોગી એવી આ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રીએ રીબીન કાપી લોકાર્પણ કર્યા બાદ તક્તી અનાવરણ કરી ખુલ્લી મુકી હતી.

મુખ્યમંત્રીએ હોસ્પિટલના વિવિધ વોર્ડની મુલાકાત લઈ ચાર ઓપરેશન થિયેટર અને ઈમરજન્સી વિભાગ સહિત વિવિધ વિભાગોમાં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે દર્દીઓને પૂરી પાડવામાં આવતી સુવિધાઓની વિગતો મેળવી હતી. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકા પ્રમુખ દક્ષાબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રૂ. ૪૮.૨૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત વાપીની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ગ્રાઉન્ડ ૫ માળની ભવ્ય હોસ્પિટલ છે, જેમાં જનતાની આરોગ્ય વિષયક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનેકવિધ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહીં ઈમર્જન્સી વિભાગ ઉપરાંત ૧૩ સ્પેશિયાલિસ્ટ ઓ.પી.ડી.ની સુવિધા છે. આધુનિક તપાસ અને સારવાર માટે લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી તેમજ ૦૭ બેડની હિમોડાયાલિસિસ સુવિધા ઉપલબ્ધ છે. દર્દીઓની ઉત્તમ સારવાર માટે ૦૪ આધુનિક ઓપરેશન થિયેટર, મેટરનિટી વોર્ડ, ફીમેલ વોર્ડ, પીડિયાટ્રિક વોર્ડ, મેલ વોર્ડ અને સ્પેશિયલ રૂમ સહિત ૧૫૦ પથારી સુધીની ઈન્ડોર એડમિશનની ઉત્તમ સુવિધા છે.

આ હોસ્પિટલ ખાતે જનરલ ઓ.પી.ડી. સાથે ફીઝીશિયન, સર્જન, ગાયનેકોલોજિસ્ટ, પીડિયા ટ્રિશિયન, સાયકાટ્રિસ્ટ (માનસિક રોગ નિષ્ણાત) આ હોસ્પિટલ શરૂ થવાથી વાપી મનપા વિસ્તાર, જીઆઈડીસી વિસ્તાર, નાનાપોંઢા, ઉમરગામ અને પારડી તાલુકાના શ્રમિકો, વ્યાપારીઓ અને સામાન્ય નાગરિકો મળી અંદાજે પાંચ લાખ લોકોએ સારવાર માટે હવે દૂર સુધી નહીં જવું પડે. સરકારનો સંકલ્પ છે કે છેવાડાના માનવી સુધી ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ મળી રહેશે.





રાજસત્તા, ધર્મસત્તાની આમન્યા રાખે એ પણ રાજધર્મ

નંદાવલામાં મુખ્યમંત્રીએ ત્રિમંદિરનું ભૂમિપૂજન કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વલસાડ જિલ્લાના નંદાવલા ખાતે દાદા ભગવાન પરિવાર (ફાઉન્ડેશન)ના ત્રિમંદિરનું ભૂમિપૂજન પૂજ્ય દિપકભાઈ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કર્યું હતું.

મુખ્યમંત્રીએ પૂજ્ય દીપકભાઈ સાથે શાસ્ત્રોક્ત વિધિ વિધાન અનુસાર ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરી હતી. તેમજ પૂજ્ય સાથે આત્મીય સંવાદ સાધીને આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અહીંયા અમે મહાત્માની રીતે આવીએ છીએ, તો તમારા ચરણોમાં સમર્પિત થઈ જઈએ એવી પ્રાર્થના હર હંમેશ કરતા રહીએ છીએ. તેમણે દાદા ભગવાન, પૂજ્ય નીરુમાની અને પૂજ્યની ભાવના છે કે આવા મંદિર ગામોગામ હોજો. તો આપણે બધા આજે એવી ભાવના કરીએ કે આ મંદિરો જેટલા વધુ ને વધુ બનશે, પછી ભારતનો નકશો કંઈક અલગ જ હશે એવું દાદા કહેતા એમ કહ્યું હતું. તો આપણે બધાએ આજે આ ભાવના રાખીયે કે આવા મંદિર જેટલા વધુ ને વધુ ઝડપથી બને અને લોક કલ્યાણ પ્રવૃત્તિ વધુ પ્રબળ બને એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોત, પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિ.પં.ના નવા ભવનનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : 'રાજ્ય સરકાર દ્વારા અત્યારે જે પણ ભવન બનાવવામાં આવી રહ્યા છે તે ખૂબ જ સુવિધાસભર બનાવવામાં આવી રહ્યા છે પણ આ સુવિધા આપણા માટે નથી, પણ લોકો માટે આ સુવિધાયુક્ત ભવન બનાવ્યા છે.' એમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વલસાડ જિલ્લા પંચાયત ભવનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. રૂા. ૩૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત છ માળના વલસાડ જિલ્લા પંચાયતના આધુનિક અને સુવિધા સભર ભવનના લોકાર્પણ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને સંબોધી મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, દરેક માટે એક જ કાર્ય મંત્ર છે, નાગરિક દેવો ભવ: અહીં ભવનમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસની સાથે સૌનો વિશ્વાસ પણ મહત્વનો છે. આપણા પર સામાન્ય નાગરિકોનો વિશ્વાસ ટકી રહે તેવું કામ કરવાનું છે. અહીં આવતા કોઈપણ સામાન્ય નાગરિકનું કામ અટકવું ન જોઈએ, જે પણ મુશ્કેલી લઈને નાગરિક આવ્યો હોય તે દૂર કરી આનંદ સાથે પરત ફરવો જોઈએ એવું મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. વધુમાં તેમણે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ અને તેમની સમગ્ર ટીમ તેમજ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને નવા ભવન માટે અભિનંદન પાઠવ્યા હતા.



નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, આ જિલ્લા પંચાયત ભવન નાગરિકોની સેવાનું કેન્દ્ર બને તે મહત્વનું છે. આ સેવાની વ્યવસ્થા સામાન્ય નાગરિકો માટે કરાઈ છે. જેનો વધુમાં વધુ લાભ લોકોને મળે એવી આશા રાખું છું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલે આ ભવ્ય ભવનમાં દિવ્યાંગો, બાળકો, સિનિયર સિટીઝન અને અધિકારી- કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવાયેલી સુવિધાનો ચિતાર મુખ્યમંત્રીને આપી વધુમાં જણાવ્યું કે, અહીં એક જ ભવનમાં વિવિધ કચેરી હોવાથી નાગરિકોને સરકારી કામકાજ માટે અલગ-અલગ કચેરીઓમાં જવું પડશે નહિ. વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે, વહીવટી કામગીરી વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે. એસટી ડેપો અને રેલવે સ્ટેશન પણ અહીં નજીક હોવાથી લોકો પગપાળા પણ આવી શકી છે. અધિકારી- કર્મચારીઓના માઈન્ડ રિફ્રેશ માટે ઈન્ડોર ગેમ્સનું પણ આયોજન કરાયું છે. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ તેમજ જિલ્લાના સર્વે ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ જિલ્લા પંચાયતના નવા ભવનનું લોકાર્પણ કરી જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી સહિતની ચેમ્બર અને કોન્ફરન્સ હોલની મુલાકાત લઈ નાગરિકો માટે જરૂરી સુવિધાનું નિરિક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ સહિત જિલ્લા પંચાયત સભ્યો, પાલિકા પ્રમુખો અને સંગઠનના હોદેદારો સાથે ફોટો સેશન કરાવ્યું હતું. આ આધુનિક જિલ્લા પંચાયત ભવનની સૌથી મોટી વિશેષતા એ છે કે, જિલ્લા કક્ષાની વિવિધ પંચાયત કચેરીઓને એક જ સંકુલમાં કાર્યરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિ.પં.ના નવા ભવનમાં શું સુવિધાઓ છે?

વલસાડ જિલ્લા પંચાયતમાં જાહેર ઉપયોગની સુવિધા અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને બે પેસેન્જર લિફ્ટ, અધિકારીઓ માટે બે લિફ્ટ અને ત્રણ દાદરની વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગજનો સહિત તમામ નાગરિકો સરળતાથી અવરજવર કરી શકે તેવી સુલભ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. મુખ્ય રિસેપ્શન એરિયા, મેઈન લોબી વેઇટિંગ એરિયા, VIP એન્ટ્રન્સની સુવિધા અને આધુનિક લિંટ્સ અને કચેરીની સુવિધાઓ, સ્વચ્છતા અને સુલભતાની સુવિધાઓમાં ટોયલેટ બ્લોક, ગ્રીન એરિયા અને દિવ્યાંગજનો સહિત તમામ નાગરિકો માટે સુલભતા બેઝમેન્ટ અને ટેરેસ ગાર્ડનનો વિકાસ, બગીચા અને લેન્ડસ્કેપ વ્યવસ્થા, સુરક્ષા અને આધુનિક માળખાકીય સુવિધાઓમાં સુરક્ષા કેબિન, ફાયર સેંટી નેટવર્ક અને અન્ય આધુનિક માળખાકીય અને સહાયક સુવિધાઓ.



ઘોડમાળમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા ૪૯ કામોનું ખાતુર્હત કરાયું

રૂા. ૧૯૦.૬૨ કરોડના ખર્ચે વિવિધ કામોમાં માર્ગ અને મકાન વિભાગના સ્ટેટ તથા પંચાયત હસ્તકના રસ્તાઓ, કોઝવે-બ્રિજ અને ભગવાન બિરસા મુંડા તાલુકાકક્ષાની લાયબ્રેરીઓના નિર્માણકાર્યોનું ભુમિપૂજન કરાયું







''લાયબ્રેરીઓનું નિર્માણ થવાથી આદિવાસી દીકરા-દીકરીઓ માટે અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની સુવ્યવસ્થિત તૈયારી કરવાનું ઉત્તમ માધ્યમ બનશે:'' નાયબ મુખ્યમંત્રી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૦૩ : રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઘોડમાળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂ.૧૯૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિવિધ ૪૯ વિકાસકાર્યોનું રિમોટના માધ્યમથી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તેમજ રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના વિવિધ લોકોપયોગી વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, લીલીછમ ધરતી વાંસદા ખાતે આજે લોકોપયોગી વિકાસકાર્યોની શરૂઆત થઈ રહી છે. ત્યારે આજનો દિવસ વાંસદા વિસ્તાર માટે મહત્વપૂર્ણ છે. સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સીધો પહોંચે તે સરકારની પ્રાથમિકતા રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વાંસદા વિસ્તારમાં રસ્તા, ડ્રેનેજ, કોઝવે અને અન્ય પાયાની સુવિધાઓ માટે રૂા.૧૯૦.૬૨ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. વાંસદા વિધાનસભા વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂા.૧,૧૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત આજે રૂા.૧૯૦.૬૨ કરોડનાં વિકાસકાર્યોનો પ્રારંભ થઈ રહ્યો છે. વાંસદા વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારના કુલ રૂા.૧,૨૯૦ કરોડ તથા કેન્દ્ર સરકારના રૂા.૬૦૦ કરોડ મળી કુલ રૂા.૧,૮૯૦ કરોડના વિકાસકાર્યોનો થઈ રહ્યા છે.

સાબરકાંઠાની આદિવાસી દીકરી તેજલબેન ડામોરે એશિયન ગેમ્સમાં મેડલ મેળવી દેશનું નામ રોશન કર્યું છે. આઠ ખેલાડીઓને રૂા.૮.૫૦ કરોડના ચેક અર્પણ કરવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. દિવાળીના પર્વે સ્થાનિક હસ્તકલા સાથે સંકળાયેલી બહેનો અને સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતી વસ્તુઓની ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપવાની અપીલ કરી હતી. નાયબ મુખ્યમંત્રીના હસ્તે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા રૂ.૧૧.૩૦ કરોડના ખર્ચે વાંસદા-વાંસીયાતળાવ-બોરિયાચ-ખાટા-આંબા-કણધા સુધીના રસ્તાના રીસરફેસિંગના કામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં રૂ.૫૫.૨૩ કરોડના ખર્ચે પાંચ રસ્તાઓનાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક વાંસદા તાલુકામાં રૂ.૫૯.૬૫ કરોડના ખર્ચે સાત રસ્તાઓનાં કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વાંસદા તાલુકાનાં વિવિધ ગામોમાં નોન-પ્લાન રસ્તાઓ, કોઝવે અને બ્રિજ સહિતનાં રૂ.૪૭.૯૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા ૩૩ વિકાસકાર્યોનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તાલુકાકક્ષાની ભગવાન બિરસા મુંડા લાયબ્રેરીઓના નિર્માણકાર્યોનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ચીખલી ખાતે રૂ.૬.૧૩ કરોડ, ખેરગામ ખાતે રૂ.૫.૫૫ કરોડ તથા વાંસદા તાલુકા મથકે રૂ.૪.૮૪ કરોડના ખર્ચે લાયબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવશે. આ લાયબ્રેરીઓ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ અને જ્ઞાનવર્ધન માટે ઉપયોગી બનશે. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે અંતે જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણીએ આભારવિધિ આટોપી હતી. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, અગ્રણી ભૂરાભાઈ શાહ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૪-૧૧-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** કારતક વદ દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૫૦ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૬, **ચંદ્રોદય** - ૦૨:૦૬ **ચંદ્રાસ્ત** - ૦૨:૫૧ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પૂર્વા ફાલ્ગુની

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજનો દિવસ સાહસ અને ઉત્સાહથી ભરેલો રહેશે. તમારી સર્જનાત્મકતા અને -તિભાને યોગ્ય દિશા મળશે. કાર્યસ્થળે કોઈ નવો મોકો આવી શકે છે.

વૃષભ (બ, વ, ઉ) : આજનો દિવસ મિશ્ર ફળદાયી રહેશે. સામાજિક ક્ષેત્રે તમારો પ્રભાવ વધશે અને સહકર્મીઓની મદદથી અટકેલા કાર્યો સમયસર પૂરા થશે.

મિથુન (ક, ઘ, ચ) : આજનો દિવસ બૌદ્ધિક અને વ્યવસ્થાપન ક્ષમતાનો લાભ અપાવનારો સાબિત થશે. તમારી વાણી અને સંવાદ શૈલીના કારણે વેપાર અથવા નોકરીમાં કમાણીની નવી તકો મળી શકે છે.

કર્ક (ડ, હ) : આજના દિવસે તમારે ભાવનાત્મક થઈને ઉતાવળે કોઈ પણ નિર્ણયો લેવાનું ટાળવું જોઈએ. કાર્યસ્થળે કામકાજની દોડધામ વધુ રહેશે.

સિંહ (મ, ટ) : ચંદ્ર તમારી જ રાશિમાં ભ્રમણ કરી રહ્યો હોવાથી આત્મવિશ્વાસ અને નેતૃત્વ ગુણોમાં જબરદસ્ત વધારો થશે. કરિયર અને આર્થિક દ્રષ્ટિએ સમય ઘણો સારો છે.

કન્યા (પ, ઠ, ણ) : આજનો દિવસ તમારે ખૂબ જ વ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે પસાર કરવો પડશે. વેપાર કે બિઝનેસમાં નવી યોજનાઓ સફળ જશે.

તુલા (ર, ત) : આજનો દિવસ ભાગ્યનો સાથ અપાવનારો રહેશે. લાંબા સમયથી મનમાં ચાલી રહેલી મૂંઝવણો કે મુશ્કેલીઓનો અંત આવશે.

વૃશ્ચિક (ન, ય) : આજનો દિવસ ઉર્જા અને ગતિશીલતા લાવશે. જો તમે કાર્યસ્થળે કોઈ મુશ્કેલ કાર્ય પહેલા પૂરું કરશો, તો બાકીના કામો આપોઆપ સરળ થઈ જશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : આજનો દિવસ કોઈ મહત્વપૂર્ણ નિર્ણયો લેવા કે વિચારમંથન કરવા માટે ઉત્તમ છે. વેપાર અને નોકરીમાં પ્રગતિના નવા દ્વાર ખુલશે.

મકર (ખ, જ) : તમારી સખત મહેનતનું આજે યોગ્ય અને શ્રેષ્ઠ પરિણામ મળી શકે છે. આર્થિક અને વ્યાપારી દ્રષ્ટિએ મોટો લાભ થવાના યોગ છે. જૂની સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

કુંભ (ગ, સ, શ, ષ) : કુંભ રાશિના જાતકો માટે નવી યોજનાઓ બનાવવા અને બૌદ્ધિક ચર્ચાઓ માટે આજનો દિવસ ઘણો સારો છે. તમારી કાર્યક્ષમતાની લોકો પ્રશંસા કરશે.

મીન (દ, ચ, થ, ઝ) : આજના દિવસે તમે માનસિક રીતે ખૂબ જ સક્રિય અને ઉર્જાવાન અનુભવશો. પ્રોપર્ટી કે જમીન-મકાનની ખરીદી સંબંધિત અટકેલા વ્યવહારો આજે આગળ વધી શકે છે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

બુધવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૩

		1		8	6			
	5	9			7			8
								7
	6			4		8		
	4	3	2		8	5	9	
		5		6			3	
1								
2			4			7	1	
			8	9		2		

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૨નો ઉકેલ

1	6	9	3	8	4	2	5	7
2	5	7	9	1	6	4	8	3
8	3	4	2	5	7	6	9	1
9	7	8	4	6	3	1	2	5
5	4	6	7	2	1	8	3	9
3	2	1	5	9	8	7	6	4
4	8	5	1	3	2	9	7	6
6	1	3	8	7	9	5	4	2
7	9	2	6	4	5	3	1	8

સુબીરમાં શિક્ષણ વિભાગના વિવાદાસ્પદ પરિપત્ર સામે રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૦૩ : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા વિવાદાસ્પદ પરિપત્ર ક્રમાંક ED/૦૧૫૩/૧૦/૨૦૨૬ (તારીખ ૨૧-૧૦-૨૦૨૬) સામે ડાંગ જિલ્લામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી શાળાઓમાં સામાન્ય વાલીઓ, સ્થાનિક આગેવાનો તેમજ જાગૃત નાગરિકોના પ્રવેશ પર અંકુશ લગાવતા આ પરિપત્રના વિરોધમાં ભારત આદિવાસી સંવિધાન સેના (ડાંગ જિલ્લો), વાલી મંડળ તથા સ્થાનિક નાગરિકો દ્વારા સુબીર મામલતદારને આવેદનપત્ર પાઠવી આ પરિપત્રને તાત્કાલિક ધોરણે રદ કરવાની માંગ કરવામાં આવી છે. આ આવેદનપત્ર સુબીર તાલુકા સેવા સદન ખાતે ડાંગ જિલ્લા ભારત આદિવાસી સંવિધાન સેનાના ઉપપ્રમુખ સતિષભાઈ એફ. ગાયકવાડ તેમજ મહિલા મોરચાના પ્રમુખ રેખાબેન કૌશિકભાઈ પવારની ખાસ ઉપસ્થિતિ અને આગેવાની હેઠળ સુપરત કરવામાં આવ્યું હતું.

વાલીઓ અને પત્રકારો માટે કડક નિયમો અને અમુક ચોક્કસ વિચારધારા ધરાવતા સંગઠનો માટે છૂટછાટ આપવામાં આવતી હોય તેવા બેવડા ધોરણો સંપૂર્ણપણે અસ્વીકાર્ય હોવાનું જણાવવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે, સંગઠનના ઉપપ્રમુખ સતિષભાઈ ગાયકવાડ અને મહિલા મોરચા પ્રમુખ રેખાબેન પવારે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્રને સત્વરે પાછો ખેંચવામાં કે રદ કરવામાં નહીં આવે, તો સમગ્ર ડાંગ જિલ્લા સહિત રાજ્યભરમાં શાંતિપૂર્ણ પરંતુ ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ નૈતિક અને વહીવટી જવાબદારી શાસનકર્તાઓની રહેશે. આ વિરોધ પ્રદર્શન અને આવેદનપત્ર આપતી વેળાએ સંગઠનના અગ્રણી કાર્યકર્તાઓ રવિન્દ્રભાઈ રડકીયાભાઈ સોડિયા, વિકાસભાઈ મોતિલાલભાઈ ગાંવિત સહિત મોટી સંખ્યામાં તાલુકાના વાલીઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ ભારત આદિવાસી સંવિધાન સેનાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં માછી સમાજ દ્વારા જીવનસાથી પરિચય મેળો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૦૩ : નવસારી માછી સમાજ નવસારી દ્વારા, નવસારી કૃષિ યુનિવર્સિટીના સેન્ટ્રલ એક્ઝામિનેશન હોલમાં દ્વિતીય હિંદુ માછી સમાજ જીવનસાથી પરિચય મેળાનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ, આજના વ્યસ્ત સમયમાં સામાજિક એકતા સુદૃઢ બને અને યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથીની પસંદગી માટે એક સમાન અને વિશ્વસનીય પ્લેટફોર્મ મળી રહે તે હતો. પરિચય મેળાના ઉદ્ઘાટક તરીકે ડોક્ટર મિનલકુમાર બી. ટંડેલ (ડીન, કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા.

પરિચય મેળાની શુભ શરૂઆત પ્રાર્થનાના થઈ હતી. કાર્યક્રમના ઉદ્ઘાટક ડૉ.મિલનકુમાર ટંડેલ અને નવસારી માછી સમાજના હોદેદારોના હસ્તે દીપ પ્રાગટ્ય થયું હતું.



નવસારી માછી સમાજ, નવસારીના પ્રમુખ ઈશ્વરભાઈ એન. ટંડેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈને શાબ્દિક આવકાર આપી, સ્વાગત કર્યું હતું. સાથે કાર્યક્રમના ઉદ્ઘાટક ડૉ.મિલનકુમાર ટંડેલનો પરિચય પરિચય સાથે પુષ્પ અને મોમેન્ટોથી સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત હોદેદારો અને ગણમાન્ય વ્યક્તિઓનું સ્વાગત પુષ્પોથી કરાયું હતું. કાર્યક્રમના પ્રતિભાવ આપતા કોસંબા વલસાડના અગ્રણી નારણભાઈ કૃષ્ણભાઈ ટંડેલે યુવક- યુવતીઓને પ્લેટફોર્મ આપવા માટે માછી સમાજના હોદેદારોનો આભાર માન્યો હતો. લલિતાબેન ટંડેલ, પી. એસ.આઈ.એ નારી શક્તિ-જાગૃતિ અંગે વાત કરી હતી. આ કાર્યક્રમની સફળતા માટે પ્રમુખ ઈશ્વરભાઈ એન. ટંડેલ, મંત્રી રમણીકભાઈ વી. ટંડેલ, ઉપપ્રમુખ પ્રો.જે.કે. ટંડેલ, સહમંત્રી પરસોત્તમ ટંડેલ, યુવા સંગઠનના પરિમલ ટંડેલ, કાર્યક્રમના કન્વીનર નિલયકુમાર ટંડેલ, હિરેન ટંડેલ, કૃષ્ણવદન ટંડેલ, શ્યામલ ટંડેલ, તમામ હોદેદારો અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. પૂર્વ પ્રમુખ લલ્લુભાઈ ટંડેલ અને ગુજરાત માછી મહામંડળના વસંતભાઈ ટંડેલ સાથે કોલક ગામના માજી સરપંચ કિશોરભાઈ ટંડેલ અને મોટી સંખ્યામાં મહેમાનો હાજર રહ્યા હતા. રાજેશભાઈ ટંડેલ અને પ્રો.જે.કે. ટંડેલે ઉદઘોષક તરીકે સેવા આપી હતી. અંતે મંત્રી રમણીક ટંડેલે આભારવિધિ કરી હતી.

વાંસદાના કંડોલપાડામાં 'ઘેર' આકર્ષણનું કેન્દ્ર બન્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૦૩ : નૂત્ય દિવાળીના તેહવાર નિમિત્તે દર વર્ષે ઘેર બાંધવામાં આવે છે અને આજુ બાજુના ગામમાં મેળામાં ઘેર નાચવામાં આવે છે. સિંગાડ, રુપવેલ, કંડોલપાડા, વાલઝર, વાંદરવેલા, ધોળીકૂવા, બામણીયા ભૂત દેવાથી લઈ તમામ આજુબાજુના ગામોમાં ઘેર નાચી કૂદીને ઘરના દુઃખ દૂર થાય. નાના છોકરાને ઘોડીએ ચડાવવા, મરણ તાર, ગરબા, જેવા નાચ ગાન સાથે, મેહુલ પટેલ, પિંકલ પટેલ, ભાર્ગવ પટેલ, અમર પટેલ, પ્રિતેશ પટેલ, મીત પટેલ, રમેશ પટેલ, રતન પટેલ, ત્રતિક પટેલ જોહર ગ્રુપ દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવે છે, અને વાઘ બારસ, ધન તેરસથી લઈ લાભ પાંચમ કાચકી દિવાળી સુધી ઘેર નાચવામાં આવે છે.

ડાંગમાં પાણી પુરવઠા વિભાગના મજૂરોનો સાડા ત્રણ મહિનાથી પગાર બાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૦૩ : ડાંગ જિલ્લાના પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા ૫૦થી વધુ શ્રમિકો અને મજૂરોને છેલ્લા સાડા ત્રણ મહિનાથી પગાર ન મળતા તેમના આર્થિક પ્રશ્નો ગંભીર બન્યા છે. આ અંગે પીડિત મજૂરો દ્વારા રાજ્યના માનનીય મુખ્યમંત્રી તેમજ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને સામૂહિક ફરિયાદ અરજી પાઠવવામાં આવી છે. મજૂરોની મુખ્ય ફરિયાદ એ છે કે તેઓ પંપ ઓપરેટર, લાઈનમેન, વાલ્વમેન અને અન્ય મજૂરીનાં કાર્યો ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક સંભાળી રહ્યા છે, તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા સાડા ત્રણ મહિનાથી તેમનો પગાર રોકવામાં આવ્યો છે. આ ઉપરાંત, સરકારી નિયમો અનુસાર મળવાપાત્ર લઘુતમ વેતન પણ તેમને ચૂકવવામાં આવતું નથી. લાંબા સમય સુધી મહેનતાણું ન મળવાને કારણે આ શ્રમિકો અને તેમના પરિવારોને ભારે આર્થિક મુશ્કેલીઓ અને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે અગાઉ પણ રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા મજૂરોમાં રોષે ભરાયેલા શ્રમિકોએ ઉગ્ર ચીમકી ઉચ્ચારી છે કે, જો વહેલી તકે તેમનો બાકી પગાર ચૂકવવામાં નહીં આવે, તો શ્રીરામ એન્જિનિયરિંગ દ્વારા ચલાવવામાં આવતી તમામ જૂથોની પાણી વિતરણ યોજનાઓ બંધ કરી દેવામાં આવશે. આ સામૂહિક રજૂઆતમાં કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક તપાસ કરવા, તમામ ૫૦થી વધુ મજૂરોના સાડા ત્રણ મહિનાના બાકી પગારની ચૂકવણી કરવા, લઘુતમ વેતનની અમલવારીની ખાતરી કરવા તેમજ ભવિષ્યમાં સમયસર પગાર મળે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે. આ અરજીની નકલ માનનીય શ્રમ મંત્રી, જિલ્લા કલેક્ટર (ડાંગ-આહવા), કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા વિભાગ) તથા સંબંધિત શ્રમ અધિકારીને મોકલીને જવાબદાર એજન્સી સામે કાયદેસરની કડક કાર્યવાહીની માંગ કરાઈ છે.

આહવામાં પુસ્તક પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૦૩ : ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના કોલેજ ગ્રંથાલય દ્વારા એક વિશેષ પુસ્તક પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં અધ્યક્ષીય પ્રવચન આપતાં આચાર્ય ડૉ. યુ.કે. ગાંગુર્ડેએ સરદાર પટેલના અપ્રતિમ યોગદાનને યાદ કરી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતા જાળવવામાં પ્રત્યેક નાગરિકની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ પ્રસંગે સરકારી વિજ્ઞાન કોલેજ, આહવાના આચાર્ય ડૉ. એ.જી. ધારિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ અંતર્ગત એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ હડસે ઉપસ્થિત સૌ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને દેશની એકતા અને અખંડિતતા જાળવવાના સામૂહિક શપથ લેવડાવ્યા હતાં.

સમગ્ર આયોજન આચાર્ય ડૉ. યુ.કે. ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ તેમજ IQAC કો-ઓર્ડિનેટરના સંકલનમાં રહીને કોલેજના ગ્રંથપાલ વિજય જી. ભંડારી તથા ગ્રંથાલય સમિતિ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે આ પ્રદર્શનની મુલાકાત લઈ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

ડાંગ જિલ્લાના ખેડૂતો જોગ

બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે કાળજી રાખવી

આહવા, તા. ૩ : ડાંગ જિલ્લાના તમામ ખેડૂતોને શિયાળુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની કાળજી અંગે જણાવવાનું કે, બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરીયાઓ કે લેભાગુ તત્વો પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય.

બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરૂ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું પાકુ બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓની ઉપસ્થિતિ : વલસાડ જિ.પં. ભવન, વાપી મીની સિવિલ અને નવેરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સહિતના પ્રકલ્પો જનતાને સમર્પિત

દિવાળી પૂર્વે વલસાડને રૂા.૪૪૧ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

ચોમાસાની આપત્તિમાં વલસાડની પ્રજાએ જે હિંમત અને ધૈર્ય દાખવ્યાં તે પ્રેરણારૂપ : ભુપેન્દ્ર પટેલ









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, વાપી, તા.૦૩ : પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે રૂા. ૪૮.૨૨ કરોડના ખર્ચે વાપી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને રૂા. ૨૧ કરોડના ખર્ચે વલસાડ તાલુકાના નવેરા ગામે જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સહિત કુલ રૂા.૧૬૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ- લોકાર્પણ અને રૂા.૨૭૬ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ- ખાતમુહૂર્ત મળી કુલ રૂા. ૪૪૧ કરોડના વિકાસ કામોની ભેટ વાપીના વી.આઈ.એ. ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાવાસીઓને અર્પણ કરી હતી. આ પૂર્વે મુખ્યમંત્રીએ રૂા. ૩૭.૫૦ કરોડના ખર્ચે વલસાડ જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતાનગર ખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની વિકાસયાત્રા અને ગરીબી નાબૂદી માટે કરેલા પ્રયાસો અને તેની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, વર્લ્ડ બેંકના ઓક્ટોબર-૨૦૨૬ના અહેવાલમાં જણાવાયું છે કે, ભારતમાં ૪૯.૬ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યાં છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ૨૦૧૧માં ભારતમાં અત્યંત ગરીબી રેખા નીચે જીવતી વસ્તીનું પ્રમાણ ૨૭.૦૧ ટકા હતું તે ૨૦૨૩માં ઘટીને ૨.૬ ટકા થયું છે. આ આંકડા દર્શાવે છે કે દેશના સર્વાંગી વિકાસ અને ગરીબોના જીવનધોરણમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરીબલક્ષી યોજનાના પરિણામે આવેલું સકારાત્મક પરિવર્તન છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે અને રોજગારીની તકોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે, ગુજરાત દેશના વિકાસમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે તેમણે ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી હતી. તે સમયે રાજ્યમાં ૧.૬૮ લાખ નાના ઉદ્યોગો હતા, તે વધીને આજે ૨૯ લાખ થયા છે. ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિ અને ઉદ્યોગસાહસિકતાનું આ જીવંત પ્રમાણ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં વિકાસ અને મજબૂત નાણાકીય વ્યવસ્થાપનનો જે પાયો નાખ્યો હતો, તેને પરિમામે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. વિકાસકાર્યો માટે રાજ્ય સરકાર પાસે સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપન છે. આર્થિક શિસ્ત અને વિકાસલક્ષી આયોજનના કારણે ગુજરાત આજે નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રો પણ અગ્રેસર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશની આર્થિક પ્રગતિ સાથે જીએસટીની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આર્થિક સદ્ધરતા અને મજબૂત નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યમાં ઉત્તમ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળી, પાણી, માર્ગો અને જાહેર સુવિધાઓના નિર્માણ સાથે ગુણવત્તાયુક્ત વિકાસ કાર્યો દ્વારા ગુજરાત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે વાપીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને રાજ્યના આંતરિયાળ અને આદિજાતિ વિસ્તારોમાં લોકોની આરોગ્ય રક્ષાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ ગણાવતા કહ્યું હતું કે આ હોસ્પિટલ આધુનિક સુવિધાઓની દૃષ્ટિએ ખાનગી હોસ્પિટલને પણ ટક્કર આપે તેવી છે.

વિકસિત ભારત ક્ર૨૦૪૭ના સંકલ્પનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. વિકસિત ભારત ક્ર૨૦૪૭ના નિર્માણ માટેનો રોડમેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે અને આ રોડમેપના આધારે વિકાસલક્ષી કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. ગુજરાતને દેશના વિકાસમાં અગ્રેસર રાખવા માટે સરકાર સતત નવા આયોજનો અને પ્રજાલક્ષી યોજનાઓ સાથે કાર્યરત છે.

વિકાસના દરેક કાર્યમાં જનભાગીદારીનું મહત્વ સમજાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર પ્રજાના કલ્યાણ અને સુખાકારી માટે દિવસ-રાત કાર્યરત છે, પરંતુ વિકાસની આ યાત્રાને વધુ વેગવંતી બનાવવા નાગરિકોની સહભાગિતા પણ એટલી જ આવશ્યક છે.

વધુમાં તેમણે કહ્યું કે, જે રીતે આપણા જવાનો દેશની સુરક્ષા માટે પોતાનું યોગદાન આપે છે, તે જ રીતે દરેક નાગરિક પાણી અને વીજળીની બચત કરીને, પોતાના વિસ્તારને સ્વચ્છ રાખીને અને સામાજિક જવાબદારી નિભાવીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી શકે છે. વડાપ્રધાનના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આત્મસાત્ કરીને આપણે સૌએ સાથે મળીને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

વલસાડ જિલ્લામાં તાજેતરના ચોમાસા દરમિયાન સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ધીરજ, હિંમત અને એકતાથી સંકટનો સામનો કેવી રીતે કરવો તેનું ઉત્તમ ઉદાહરણ વલસાડની પ્રજાએ પૂર દરમિયાન પૂરું પાડ્યું છે તેની પ્રસંશા કરી હતી. તેમણે વલસાડવાસીઓની આ હિંમત અને સામૂહિક ભાવનાને બિરદાવી હતી અને વલસાડ જિલ્લાને મળેલી વિકાસની આ ભેટ માટે સૌને અભિનંદન તેમજ દિવાળી અને નૂતન વર્ષના પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વલસાડ જિલ્લાની ધરતી પર વિકાસની નવી રોશની ઉમેરાઈ હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, પ્રજાજનોની સુખાકારી અને આરોગ્ય ક્ષેત્રે માળખાકીય સવલતો સુદ્રઢ કરવાના સનિષ્ઠ પ્રયાસરૂપે વાપીના બલીઠા ખાતે ૧૫૦ બેડની અત્યાધુનિક સરકારી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે વલસાડવાસીઓ માટે એક સીમાચિહ્નરૂપ ભેટ સાબિત થશે.

સરકારી નવનિર્મિત હોસ્પિટલમાં ૧૮ થી વધુ મલ્ટી-સ્પેશિયાલિટી તબીબી સેવાઓ અને ખાનગી હોસ્પિટલોને ટક્કર આપે તેવા વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટરો કાર્યરત કરાયા છે. હાઈવે પર થતા અકસ્માતોના કિસ્સામાં દર્દીઓને ગોલ્ડન અવરમાં તાત્કાલિક શ્રેષ્ઠ સારવાર મળી રહે અને કિંમતી જીવ બચાવી શકાય તે હેતુથી આ વ્યવસ્થા ઉભી કરાઈ છે. આયુષ્માન ભારત યોજના તથા ગુજરાત સરકારના આરોગ્ય કાર્ડના માધ્યમથી સામાન્ય અને ગરીબ પરિવારના નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીની નિ:શુલ્ક તબીબી સારવાર મળી રહી છે, જેનાથી અમીર અને ગરીબ તમામ દર્દીઓ માટે હોસ્પિટલમાં એકસરખી ઉત્તમ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થઈ છે.

જિલ્લાના યુવાધનને સ્પોર્ટ્સ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે રૂા. સાડા એકવીસ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક સ્પોર્ટ્સ સેન્ટર ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે નિષ્ણાત ટ્રેનર્સની દેખરેખ હેઠળ સ્થાનિક યુવા ખેલાડીઓ પોતાના સપના સાકાર કરી શકશે. અમદાવાદ ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ને ધ્યાનમાં રાખીને દરેક ગામમાંથી ઓછામાં ઓછા એક ખેલાડીને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ અને CSR ફંડના સહયોગથી આદિવાસી તથા સક્ષમ-અસમર્થ પરિવારના પ્રતિભાશાળી બાળકોને દત્તક લઈ તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડી તરીકે ઘડવા માટે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

દિવાળીના તહેવારોમાં સ્થાનિક રોજગાર અને પ્રોત્સાહનને બળ આપવા માટે માટીના દીવા તથા શણગારની ચીજવસ્તુઓ બનાવતા સ્થાનિક નાના કારીગરો અને બહેનો પાસેથી જ ખરીદી કરવા નાયબ મુખ્યમંત્રીએ નાગરિકોને અપીલ કરી હતી. આ તકે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચલાવાઈ રહેલા સ્વચ્છતા અભિયાન તેમજ જિલ્લા પોલીસ દ્વારા ડ્રગ્સ અને સાયબર ક્રાઇમ વિરૂદ્ધ હાથ ધરાયેલી કડક ઝુંબેશની સરાહના કરવામાં આવી હતી. ઔદ્યોગિક વિસ્તારમાં અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા તેમજ આમ નાગરિકોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસન કટિબદ્ધ હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનું ઉત્સાહભેર સ્વાગત કરી જણાવ્યું કે, વાપી ખાતે ૧૮ મલ્ટી સ્પેશિયાલિટી સાથેની સુવિધા સભર સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલનું લોકાર્પણ કરાયું છે, જે હાઈવે ટચ હોવાથી લોકોને ઉપયોગી થશે. આગામી વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ગુજરાત કરી રહ્યું છે, ત્યારે નવેરા ખાતેનું જિલ્લા કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ જિલ્લાના રમતવીરો માટે ઉપયોગી થશે. વલસાડ જિલ્લામાં વિકાસના કામો માટે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ જે સહકાર આપ્યો છે તે બદલ આભાર પણ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લાના સર્વ ધારાસભ્ય રમણલાલ પાટકર, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા સહિત ઉદ્યોગપતિઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડમાં મુખ્યમંત્રીના હસ્તે 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૩ : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને પ્રાકૃતિક કૃષિ પેદાશોને લોકો સુધી પહોંચાડવાના ઉમદા હેતુથી વલસાડના તિથલ રોડ ખાતે નવનિર્મિત 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ શોપનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં ઉપલબ્ધ ઉત્પાદનો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. આ શોપને એક મોડલ સેન્ટર તરીકે શરૂ કરવામાં આવી છે, જ્યાં પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવેલી તાજી શાકભાજી, ફળો, અનાજ અને મધ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, આ શોપમાં પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સામગ્રી જેવી કે ઘન જીવામૃત, ગૌમૂત્ર, બીજામૃત અને જીવામૃત પણ ખેડૂતો અને ગ્રાહકોના વેચાણ માટે મૂકવામાં આવ્યા છે.

પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત પેદાશોને યોગ્ય વેચાણ વ્યવસ્થા અને બજાર ઉપલબ્ધ થાય તેમજ નાગરિકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સરળતાથી મળી રહે તે દિશામાં આ કેન્દ્ર મહત્વપૂર્ણ બની રહેશે. આ પહેલથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળવાની સાથે પ્રાકૃતિક ખેતી અંગે લોકોમાં જાગૃતિ પણ વધશે.

જિલ્લા કલેક્ટર નિત્તિન સાંગવાને મુખ્યમંત્રીને માહિતી આપી હતી કે, આ વલસાડ જિલ્લામાં સ્થાપિત કરવામાં આવનાર ૧૦ કિઓસ્ક (Kiosks)ની યોજનાનો એક ભાગ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનો માટે એક મજબૂત સપ્લાય ચેઈન ઉભી કરવાનો છે, જેથી ઉત્પાદનથી લઈને સીધા ગ્રાહકો સુધી વેચાણની પ્રક્રિયા સરળ બની શકે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના યોગ્ય ભાવ મળી રહે.

આ કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતાં.

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ

વાપીના ઈકો ફ્રેન્ડલી મુક્તિધામ અને સીઈટીપી પ્લાન્ટની મુલાકાત લીધી

વાપી જીઆઈડીસીના વિશાળ સીઈટીપી પ્લાન્ટની કામગીરીનું નિરીક્ષણ કરી મુખ્યમંત્રીશ્રીએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ પણ આપ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : દિવાળી પૂર્વે વલસાડ જિલ્લામાં વિકાસ કાર્યોની ભેટ આપવા માટે આવી પહોંચેલા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વાપીની ઈકો ફ્રેન્ડલી મુક્તિધામ અને જીઆઈડીસીમાં આવેલા સીઈટીપી પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. તેમની સાથે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તેમજ આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રી અને જિલ્લાના પ્રભારી નરેશભાઈ પટેલ પણ જોડાયા હતાં.

મુખ્યમંત્રીની આ મુલાકાત વેળા નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ વાપીની ઈકો ફ્રેન્ડલી મુક્તિધામની ખાસિયત જણાવતા કહ્યું કે, આ મુક્તિધામ સ્વનિર્ભર છે. અહીં આવતા મૃતકોના સ્વજન પાસે એક પણ પૈસો લેવાતો નથી. ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપતુ આ મુક્તિધામ સોલાર આધારિત અને તમામ ભઠ્ઠી ગેસ આધારિત છે. અહીં લાકડાનો ઉપયોગ થતો નથી, જેના દ્વારા પર્યાવરણ બચાવો, વૃક્ષો બચાવોનો સંદેશ પણ આપવામાં આવે છે. એક વ્યકિતના મૃતદેહના અગ્નિ સંસ્કાર પાછળ કેટલા લાકડા બચે તેની વિગત પણ રોજે રોજ ડિસ્પ્લે પર બતાવવામાં આવે છે. આ સિવાય મૃતકના સ્વજનો માટે એસી સભાગૃહ, પ્રાર્થના ગૃહ અને અસ્થિ થોડા દિવસો માટે સંગ્રહ કરવાની પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી હોવાની માહિતી મંત્રી કનુભાઈ દેસાઈએ આપી હતી. મુખ્યમંત્રીએ પણ મુક્તિધામની સુવિધા જાણી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ સાથે જ નદી કિનારે રમણીય સ્થળે બાગ-બગીચા સાથેની મુક્તિધામ જોઈ વાપી મુક્તિધામ ટ્રસ્ટના ડાયરેકટરોની મહેનત અને વિઝનને પણ બિરદાવ્યા હતાં.

આ સાથે જ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ વાપી જીઆઈડીસીમાં આવેલા સૌથી મોટા સીઈટીપી પ્લાન્ટ પણ મુલાકાત લઈ અહીં થતી કામગીરીને નિહાળી હતી. આ સાથે જ મુખ્યમંત્રીએ સીઈટીપી પ્લાન્ટ ખાતે વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતન અંગે સંદેશ આપ્યો હતો.

આ મુલાકાત વેળા જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, સાંસદ ધવલભાઈ પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, મનપા કમિ'ર એન.એફ.ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષભાઈ દેસાઈ, વીઆઈએના ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા, ખજાનચી રાજુભાઈ શાહ, વીઆઈએ એડવાઈઝરી બોર્ડના મેમ્બર યોગેશભાઈ કાબરીયા અને મિલન દેસાઈ તેમજ સીઈટીપી પ્લાન્ટના સીઈઓ જતીન મહેતા પણ સાથે જોડાયા હતા. જેઓએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનું મુક્તિધામ અને સીઈટીપી પ્લાન્ટ ખાતે ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

મુખ્ય મંત્રીની વાપી મુલાકાતની સાથે સાથે...

મિની સિવિલ હોસ્પિટલના લોકાર્પણ બાદ ૨ કલાકે વીઆઈએ હોલમાં સીએમ ભૂપેન્દ્ર પટેલનો કાર્યક્રમ હતો જોકે તેઓ સમય કરતાં ૫ મિનિટ વહેલાં આવી પહોંચ્યા હતાં.

હર્ષ સંઘવીએ ૧૧ મિનિટનું વક્તવ્ય આપ્યું જેમાં તેઓએ વાપીના ઉદ્યોગકારોની પ્રશંસા કરી ઉદ્યોગો ઉપર અસામાજિક તત્વો નો પડછાયો ન પડે તે બાબત ધ્યાને રાખવા અને આવા તત્વો સામે કડક હાથે કામ લેવાં પોલીસ તંત્રને સૂચન કર્યું હતું. કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમ નિયત સંખ્યા કરતાં વધુ લોકો આવતાં સંખ્યાબંધ લોકો એ ઊભા રહેવું પડ્યું. પત્રકારોના પ્રવેશને લઈ અવ્યવસ્થા સર્જાઈ. કાર્યક્રમમાં દરેક પત્રકારોને વી વીઆઈપી પાસ માહિતી ખાતા દ્વારા આપવામાં આવ્યા હતાં. જોકે તેઓના લિસ્ટ કરતાં વધુ ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયાના પત્રકારો આવી ચઢતા અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્થળ પર હાજર પીએસઆઈ પ્રજાપતિ પણ ગૂંચવાયા હતાં, ખુદ માહિતી ખાતા પત્રકારો અને સ્ટાફને પણ તેમની પાસે લિસ્ટમાં નથી કહી અંદર જતાં રોક્યા હતાં. જોકે પાછળથી ડીવાયએસપી દવેની દરમિયાનગીરીથી તમામને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫ ઈમેલ- editor.dgt@gmail.com

બલીઠાની લઘુ સિવિલ હોસ્પિટલ આશીર્વાદ રૂપ બનશે

વાપીમાં કેટલીક હોસ્પીટલો વેપાર બની રહેલ છે : આવા માહોલમાં બિમાર પડવું એ શ્રાપરૂપ : સર્વોચ્ચ અદાલતે પણ દવાના ભાવો 'લુટ' હોવાની વરાળ કાઢી : નગવાસની ગોદામમાં લાગેલી આગનું કારણ હજુ બહાર ન આવ્યું : વૃક્ષારોપણ બાબત વન વિભાગનો ભેદભાવ : વાપી મનપા રખડતાં ઢોરો માટેના કેટલશેડના નામે પાંજરાપોળ તો ઉભી કરતી નથી ને ?! : રતનમહાલના જંગલના વાઘ માટેની બે વાઘણનું આગમન લંબાયું



આ સાપ્તાહિક પત્ર પ્રસિદ્ધ થશે તેના આગલા દિવસે એટલે કે તા. ૩-૧૧-૨૦૨૬ને દિને વાપી નજીકના બલિઠામાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (લઘુ સિવિલ હોસ્પિટલ)નું લોકાર્પણ થઈ ચૂક્યું હશે. વાપીના અને આસપાસના વિસ્તારોના ઔદ્યોગિક અને વાણિજ્યના વિકાસની સાથે વસ્તી વિસ્ફોટ થવાથી તેમજ વાપીથી નેશનલ હાઈવે નંબર ૪૮ અને રેલ્વે લાઈન પણ પસાર થતી હોવાથી અકસ્માતના બનાવો અને ઔદ્યોગિક અકસ્માતોની સંખ્યા પણ કુદકે અને ભુસકે વધતાં વાપીમાં ખાનગી અને ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્પિટલોની સંખ્યા ખૂબ વધી ગયેલ છે. એ તો જગ જાહેર છે કે આજકાલ મોટાભાગની હોસ્પિટલોમાં તબીબી સારવાર એક વેપાર બની ગયેલ છે. સારવાર, નિદાન, પરિક્ષણો અને દવાના ખર્ચાની ગણતરી કરીએ તો આજારીઓના પરિવારોને દેવાળુ ફૂંકવાનો જ સમય આવે. ભારતની સર્વોચ્ચ અદાલતે પણ હાલમાં જ એવો મત દર્શાવ્યો હતો કે હોસ્પિટલો અને દવા બનાવતી કેટલીક કંપનીઓ મેક્સિમમ ડિટેલ પ્રાઈઝ એટલે કે એમઆરપીના નામે લૂંટ જ ચલાવે છે! સર્વોચ્ચ અદાલતે કાઢેલી આ વરાળ દવાઓની કિંમત બાબત સરકારની લાપરવાહી પણ બતાવે છે. ખાનગી હોસ્પિટલોના સારવારના બિલો એ પણ દર્શાવે છે કે આજના જમાનામાં માંદા પડવું એ મોટામાં મોટો શ્રાપ છે.

વાપીમાં આમજનતાને ઓછા ખર્ચે શ્રેષ્ઠ સારવાર મળી રહે એવું માળખું ઊભું કરવાનો વિચાર પાર્ટીના ધારાસભ્ય અને ગુજરાતના નાણાં તથા શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈને આવ્યો હતો. વર્ષ ૨૦૨૨ની આ વાત મીની સિવિલ હોસ્પિટલ માટેની જમીનનો પણ કનુભાઈ દેસાઈએ મેળ પાડ્યો હતો. વાપી નજીકના બલિઠામાં નહેર ખાતાની જમીન આ માટે પસંદ કરવામાં આવી. રાજ્ય સરકારના નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા વિભાગે તેના ૦૪-૦૮-૨૦૨૨ ના પરિપત્ર મુજબ આ હોસ્પિટલ માટે ૧૪ જેટલી શરતોને આધીન ૧૦,૧૨૦ ચોરસ મીટર જમીન ફાળવી હતી. જમીનનો કબજો મળતા મીની સિવિલ હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ થયું. લગભગ ૪૫ થી ૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ હોસ્પિટલમાં ૧૨૮ પલંગની સુવિધા છે. ગ્રાઉન્ડ ફ્લોર પર રજીસ્ટ્રેશન અને ફાર્મસી, આઉટડોર પેશન્ટ અને ઈમર્જન્સી વિભાગ, પહેલા માળે રેડિયોલોજી અને નિદાન વિભાગ તથા ઓપીડી બ્લોક, બીજા માળે લેબર રૂમ, એન. આઈ.સી.યુ., મધર વોર્ડ તેમજ પ્રસુતિ વોર્ડ, ત્રીજા માળે ઓપરેશન થિયેટર, સર્જીકલ વોર્ડ અને સેન્ટ્રલ મેડિકલ રેકર્ડ વિભાગ, ચોથા માળે ઈન્ટેન્સિવ કેર યુનિટ, આઈસોલેશન વોર્ડ, સ્પેશિયલ રૂમ તેમજ વહીવટી વિભાગ કાર્યરત રહેશે. પાંચમા માળે મેડિકલ વોર્ડ, પિડીયાટ્રીક વોર્ડ અને કાફેટેરિયાની જોગવાઈ છે. આ મિનિ સિવિલ હોસ્પિટલમાં નિદાન અને ઈલાજના અત્યંત અધ્યતન સાધનો પણ ઉપલબ્ધ છે.

એક અંદાજ પ્રમાણે આ હોસ્પિટલનો લાભ આસપાસના સંખ્યાબંધ ગામોની પ્રજાને મળનાર છે. આંકડામાં કહીએ તો આ હોસ્પિટલની આરોગ્ય સેવાનો લાભ ત્રણેક લાખની આબાદીને મળનાર છે. વાપીના ઔદ્યોગિક કામદારોના લાભાર્થે એક કામદાર વીમા હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી. જાણવા પ્રમાણે ૨૦૦ પથારીની આ હોસ્પિટલ હોવા છતાં કામદારોને અન્ય હોસ્પિટલોમાં સારવાર અપાતી હતી અને કામદાર વીમાવાળા આ હોસ્પિટલોને બિલ ચૂકવતા હતાં. આશા રાખીએ કે નાણામંત્રી કનુભાઈ દેસાઈના સક્રિય સાથે શરૂ થયેલ આ મીની સિવિલ હોસ્પિટલ આજરીઓ માટે આશીર્વાદ રૂપ બની રહેશે.

વાપી મનપા રખડતા ઢોર માટે કેટલ શેડ બનાવશે કે પાંજરાપોળ જેવો ખર્ચ વહોરશે?

વાપીમાં રખડતા ઢોરનું ન્યુસન્સ વર્ષો જૂનું છે. અત્યાર સુધી વાપી નગરપાલિકા અને હવે વાપી મહાનગરપાલિકા રખડતા પશુઓને રાતા પાંજરાપોળને સુપ્રત કરતી હતી. ઢોરોને પોષવાના ખર્ચ તરીકે રાતા પાંજરાપોળ નિયત રકમ લેતી હતી.

હવે વાપી મહાનગરપાલિકાએ હરાયા ઢોર માટે ચંડોરગામમાં બે જેટલા કેટલ શેડ બનાવવાનું નક્કી કર્યું છે અને તેની પાછળ ચારેક કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ કેટલ શેડમાં ૫૦૦ ઢોર રહેશે.

રસ્તા પર રખડતા ઢોરો માટે એટલે કે ૫૦૦ જેટલા પકડાયેલા પશુઓ માટે ઘાસચારાની અને સારવાર માટે પશુ ચિકિત્સકની પણ આવશ્યકતા રહેશે એટલે એક રીતે તો વાપી મહાનગરપાલિકા કેટલ શેડના નામે પાંજરાપોળ જ ઊભી કરી રહેલ હોવાનું જણાય છે!

આ બાબત, પાછળથી નગરજનો એવું ન કહે કે મહાનગરપાલિકાએ લાંબો હાથ વાડમાં નાંખવાનું કામ કર્યું છે!

દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ઉમરગામ તાલુકાના નગવાસમાં વેરહાઉસની ત્રણ ગોદામો આગમાં રાખ થઈ ગઈ!

ઉમરગામ તાલુકાના નગવાસગામમાં દારૂઠા નદીના કિનારે સાત જેટલી વેરહાઉસ ગોદામો બનાવવામાં આવેલ છે. આ સાત પૈકીની પ્લાસ્ટિક આધારિત વસ્તુઓ બનાવતી ગોદામમાં આગ લાગતા આ ગોદામ તો આગમાં ભસ્મિભૂત થઈ ગઈ પણ એ સાથે બીજી બે વિશાળ ગોદામોને પણ વિકરાળ સ્વરૂપની આગે નષ્ટ કરી નાખી.

રાખ બની ગયેલ ત્રણ પૈકીની એક ગોદામમાં ઓઈલ જેવા જ્વલનશીલ પદાર્થનો પણ સંગ્રહ કરાયો હતો. આ આગને હોલવવા બંબાવાળાઓએ પાણીનો મારો ચલાવતા ઓઈલ મિશ્રિત પાણી નજીકની દારૂઠા નદીમાં જતાં નદીનું પાણી દૂષિત થઈ ગયું હતું. લોક માતાની આ દુરદર્શા માટે કોને જવાબદાર ગણીશું ? આગનું સત્તાવાર કારણ જાહેર થયું નથી પણ 'હલકું નામ હવાલદારનું'ની જેમ શોર્ટ સર્કિટ સાથે આગના કારણને જોડી દેવામાં આવતું હોય છે!

માર્ગની આસપાસ વૃક્ષારોપણ બાબતમાં પણ વન વિભાગની આભડછેડ ?!

ઉમરગામ તાલુકાના ભીલાડથી ભીલાડ-ધનોલી-ઝરોલી-અંકલાસ રોડ જાહેર બાંધકામ ખાતાના કાર્યક્ષેત્રનો છે. આ માર્ગ ઉપર બંને બાજુ વન વિભાગે ભીલાડથી ઝરોલી સુધી ટ્રીગાર્ડ સહિત વૃક્ષોનું વાવેતર કરેલું છે. પરંતુ તે અડધી હજામત જેવું બની રહેલ છે! કેમકે આ માર્ગ જ્યાંથી પસાર થાય છે તે નગવાસ અને અંકલાસ ગામની વનવિભાગે વૃક્ષારોપણ બાબતમાં બાદબાકી કરી નાખેલ છે.

ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર એક સમયે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી હતાં એવું યાદ છે. તેઓને વૃક્ષોની ઉપયોગીતાની જાણકારી તો હશે જ. ધારાસભ્ય તરીકે તેમણે વન વિભાગના આવા ભેદભાવનો જવાબ માંગવો જોઈએ.

ગુજરાતમાં મુકામ પોસ્ટ કરી રહેલ વાઘ માટે બે વાઘણ વસાવવાનું કામ ટલ્લે ચઢ્યું!

છેલ્લા બે વર્ષથી દાહોદ જિલ્લાના રતનમહાલના જંગલમાં એક વાઘે મુકામ કરેલો છે. આ વાઘ વાઘણની શોધમાં પાછો બાજુના મધ્યપ્રદેશમાં ચાલ્યો ન જાય તેની તકેદારી વન વિભાગ રાખી રહેલ છે. આ વાઘ પરિવાર સાથે રતનમહાલમાં જ રહે એ માટે ઉચ્ચકક્ષાએથી બે વાઘણોને ગુજરાતમાં લાવવાનું નક્કી થયું હતું. પરંતુ હવે તેમાં વિલંબ થાય એમ છે. વાઈલ્ડ લાઈફ એક્સપર્ટ કમિટીએ વાઘણ આવે એ પહેલાં પાંચ હેકટરના એક એવા બે ફેન્સીંગવાળા કમ્પાઉન્ડ બનાવવાનું સૂચન કર્યું છે. પાંચ કરોડ રૂપિયા ખર્ચવાળો આ પ્રોજેક્ટ ત્રણ-ચાર માસ સુધી પૂરો નહીં થાય એટલે રતનમહાલના વાઘની બે પત્ની પણ હમણાં પતિદેવને મળવા નહીં આવે!

જે લોકોનું સામૂહિક મતદાન નથી હોતું તેમના માટે કશી જ યોજના નથી હોતી

(ગતાંકથી શરુ)

મની મોરલ અને સેક્સ મોરલમાં વહીવટી ક્ષેત્રમાં મની મોરલને જ વધુ મહત્ત્વ અપાય. સેક્સ મોરલ એ વ્યક્તિનો અંગત પ્રશ્ન છે. બને ત્યાં સુધી વ્યક્તિના અંગત જીવનમાં બહુ ઊંડા ઊતરવાની જરૂર નથી.

ખાસ કરીને કલાકારો, સાહિત્યકારો, રાજનેતાઓ, પ્રવાસીઓ વગેરેનાં એવાં ક્ષેત્રો છે કે તેમનાં કલા, સાહિત્ય, રાજવહીવટ વગેરેને જ મહત્ત્વ અપાય. તેમના અંગત જીવનને બહુ મહત્ત્વ ન અપાય. ઘણા કલાકારો ગાયકો વગેરે દારૂડિયા હોય છે. તેની તરફ ધ્યાન નહિ આપવાનું. તેની કલા અને ગાયકી તરફ ધ્યાન આપવાનું ૨૩. જે લોકો પ્રત્યેક વ્યક્તિના અંગત જીવનમાં ઊંડો રસ લે છે. અને ભારે ખણખોદ કરતા રહે છે, તે ક્યાંય કશું સારું જોઈ શકતા નથી. તે ખટપટિયા થઈને ચારે તરફથી ફેંકાઈ જતા હોય છે, આવા દોષથી બચવું જોઈએ. જાહેર જીવનમાં કેટલીક વાર આંખ આડા કાન કરવા પણ જરૂરી હોય છે.

ચૂંટણીનો હેતુ છે કે જે કાંઈ છે તેમાંથી સૌથી ઉત્તમ હોય તેને ચૂંટી કાઢીને તેને સત્તાનાં સૂત્રો સોંપવાં, પણ ભારતમાં તેથી ઊલટું થયું છે. જે કાંઈ છે તેમાંથી જે સૌથી કનિષ્ઠ અને કોઈ વાર તો અધમ છે તેને ચૂંટીને સત્તાનાં સૂત્રો સોંપાવા લાગ્યાં છે. જે દેશને અંધકારમાં લઈ જઈ રહ્યો છે.

ચૂંટણીના ઘણા અનર્થો શરૂ થયા છે. એમાંથી કેટલાક જણાવું છું.

આર્થિક ભ્રષ્ટાચારનું મૂળ ચૂંટણી છે. કારણ કે પૈસા વિના ચૂંટણી લડી શકાતી નથી. પૈસો પણ થોડો નહિ, કરોડોમાં જોઈએ. આ પૈસો મેળવવા સત્તાપક્ષ અને વિપક્ષો પણ ધનવાન લોકો ઉપર દબાણ લાવે છે. તેમને નુકસાન નહિ પહોંચાડવાની શરતે તથા લાભપહોંચાડવાની શરતે તેઓ મોટી મોટી રકમો મેળવે છે. આના કારણે આવી મોટી રકમો આપનારા કાયદાને મુઠ્ઠીમાં લઈ લે છે. કાયદાના હાથ કરતાં તેમના હાથ લાંબા થઈ જાય છે. કેટલાક નેતાઓ ભ્રષ્ટાચારી નથી હોતા, પણ ચૂંટણીફંડ ભેગું કરવા તેમને મજબૂરીથી ભ્રષ્ટાચારી થવું પડે છે. કારણ કે મબલક પૈસો વાપર્યા વિના ચૂંટણી લડી શકાય જ નહિ તેવી સ્થિતિ સર્જાઈ છે.

ચૂંટણીથી કોમવાદ વિકસ્યો છે. કારણ કે ચૂંટણી માત્ર ને માત્ર કોમ–આધારિત જ લડાય છે. જ્યાં જે કોમની બહુલતા હોય છે ત્યાં તે કોમનો ઉમેદવાર ઊભો કરાય છે. એક તરફ પૈસો અને બીજી તરફ કોમના આધારે લોકો મતદાન કરે છે. જેની પાસે મોટી કોમ નથી. હોતી કે મબલક પૈસો નથી હોતો તે દેવ જેવો હોય તોપણ ચૂંટણી લડી શકતો નથી. કદાચ લડે તો હારી જ જાય. એટલે ચૂંટણી કોમવાદ વધારનારું તત્ત્વ થઈ ચૂક્યું છે.

જે કોમો સામૂહિક મતદાન કરે છે તેમને રીઝવવા સત્તાપક્ષ અને વિપક્ષો પણ જાતજાતનાં -લોભનો ઊભાં કરે છે. જેમકે ૧. દેવાં માફી, ૨. અનામત આપવી, ૩. કોમ આધારિત ઋણો આપવાં (અને પછી માફ કરી દેવાં) ૪. તે તે કોમ અથવા ધર્મ માટે વધુમાં વધુ શૈક્ષણિક સગવડો ઊભી કરી આપવી. ખાસ કરીને અલ્પસંખ્યકો માટે. અમુક લોકોને ગમતા અને ફાયદો કરતા કાયદા કરી આપવા વગેરે અનેક પ્રકારનાં સ્થાયી પ્રલોભનો અથવા લાભો પહોંચાડવા.

જે લોકોનું સામૂહિક મતદાન નથી હોતું તેમના માટે કશી જ યોજના નથી હોતી. તેમના મતોની કિંમત નથી હોતી. આવા લોકો મતદાન કરતા નથી. કદાચ કરે છે તો વેરવિખેર કરે છે. તેથી સરકારી લાભોથી તે વંચિત રહી જાય છે. આમ સરકારી લાભો મેળવનારો વર્ગ અને વંચિત રહી જનારો વર્ગ એમ બે વર્ગો થાય છે. જે પરસ્પરમાં વિદ્વેષ કરતા થઈ જાય છે. આ રીતે પ્રજાના કાયમી ધોરણે ભાગલા પડી જાય છે. જે એકતા થવા દેતા નથી. આ વિભાજનની પ્રક્રિયા કહેવાય.જ્યારે કોમ આધારિત અને પૈસા આધારિત ચૂંટણી લડાવા લાગી છે ત્યારે કોમ-કોમ વચ્ચે વેરઝેર વધવું સ્વાભાવિક છે. ચૂંટણી-ચાર વેરઝેર વધારનારો, વિદ્વેષ ફેલાવનારો અને પરસ્પરમાં ઝેર ઓકતો થઈ જાય છે.

હવે પક્ષવાર લગભગ કોમો નક્કી થઈ ગઈ છે. તેથી પક્ષો ખાસ કરીને શાસક પક્ષો પોતપોતાની કોમોને સાચવવા તત્પર રહેતા હોય છે. તે એટલી હદે કે પોતાની સમર્થક કોમમાં આતંકવાદીઓ ઉત્પન્ન થાય તોપણ તેનો બચાવ અને સમર્થન કરતા થઈ જાય છે. આ બહુ જ ખતરનાક કહેવાય. એક રીતે આવા રાજકીય પક્ષો આતંકવાદના સમર્થક જ થઈ ગયા કહેવાય. આ લોકોના હાથમાં સત્તાનાં સૂત્રો આવે એટલે દેશ આતંકવાદીઓના હવાલે થઈ જાય.

કોમવાર જથ્થાબંધ મતદાન થતું હોવાના કારણે સરકાર આતંકવાદને નાથવા કઠોર કાયદા કરી શકતી નથી. કારણ કે જે કોમો સૌથી વધુ (અરે, પૂરેપૂરા) આતંકવાદીઓ પેદા કરે છે, તે સરકારની સમર્થક છે. તેના જથ્થાબંધ મતોથી સરકાર રાજ કરી શકે છે. આ રીતે આતંકવાદ ફળેફૂલે વિકસે છે.

હમણાં હમણાંથી ચૂંટણીમાં એક નવું તત્ત્વ ઉમેરાયું છે. અને તે છે ગુંડાગીરી. પહેલાં ગુંડાઓ ધાકધમકી આપીને લોકો પાસેથી પૈસા પડાવતા અને દબાવતા. તેમનો પ્રભાવ મોટો હતો. તેનો ઉપયોગ રાજનેતાઓ કરવા લાગ્યા. તેથી ચૂંટણી જીતવામાં ફાયદો થવા લાગ્યો. પક્ષો પોતપોતાના ગુંડાઓને રોકવા લાગ્યા. ગુંડાઓએ બુથકેપ્ચર, બોગસ મતદાન, જોરજુલમથી મતદાન કરાવવું. વિરોધીઓને મતદાન કેન્દ્રોથી દૂર રાખવા વગેરે અનેક અનિષ્ટો પેદા કરી દીધાં. રાજનેતાઓની છત્રછાયામાં આ પાળેલા ગુંડાઓ કાયદાની ઐસીતૈસી કરીને ચૂંટણી પછી પણ ધાક જમાવતા રહ્યા. આ રીતે દેશમાં ચૂંટણીના કારણે ગુંડાગીરી વકરવા લાગી છે.

ચૂંટણી જિતાડી આપનાર ગુંડાઓએ વિચાર્યું કે હવે આપણે પોતે જ ચૂંટણીમાં ઊભા રહો. તેવું જ થવા માંડ્યું. હવે તો સીધા ગુંડા જ ચૂંટાવા લાગ્યા. એટલું જ નહિ ચૂંટાયા પછી મંત્રીપદના તેઓ જ દાવેદાર થઈ ગયા છે. જો તમારે રાજ કરવું હોય તો તેમને શાસનના ભાગીદાર બનાવવા જ પડે. આ રીતે ગુંડાઓ ઊંચી ખુરશીઓ સુધી પહોંચી ગયા છે. હવે ક્રમેક્રમે દેશ ગુંડારાજ તરફ આગળ વધી રહ્યો છે.રાજ કરવાની કુશળતા વિનાના આવા દબંગ લોકો બેફામ રીતે પોતાની કોમ, પોતાના સમર્થક અને પોતાના ઉપયોગી લોકોને ઊંચાં અને મહત્ત્વનાં પદો ઉપર ગોઠવવા લાગે છે, જે મોટા ભાગે અકુશળ હોય છે. આ રીતે રાજકારણમાં અકુશળતા, કાયદાની ઐસીતૈસી, અશિસ્ત અને ગુંડાપણું વધતું જાય છે. ગુંડાઓ પોતે જ શાસક થઈ જાય તો ગુંડાગીરીને દબાવશે કોણ? દેશ માફિયાગીરી તરફ વધી ગયો છે. લોકશાહીની કરોડરજ્જુ વાણીસ્વાતંત્ર્ય છે. ચૂંટણી વખતે બધા મીડિયા નિષ્પક્ષ રહી શકતા નથી. તે પણ સોદા કરતા થઈ ગયા છે. ઉમેદવાર કે પક્ષના વિરુદ્ધમાં નહિ લખવાનો સોદો, ચૂપ રહેવાનો સોદો અને પક્ષમાં લખવાનો સોદો, આ રીતે મીડિયા પણ સોદાગરો સાથે હવા બનાવવાનો સોદો કરી લેતા હોય છે. હવે સત્યને ક્યાં શોધવું? મતદાતાઓમાં સૌથી કમજોર વર્ગ સૌથી વધુ પ્રમાણમાં મતદાન કરે છે, હજી તે રાષ્ટ્રીય હેતુઓ સમજી શકતો નથી તેનો એક જ હેતુ હોય છે મને શું આપશો? મને શું મળશે? તેની ક્ષુદ્ર અપેક્ષાઓ પૂરી કરી શકનારા સરળતાથી તેમના મતો લઈ શકે છે.

વાસ્તવિકતા



સ્વામી સચ્ચિદાનંદ

કાન્હા ટાઈગર રિઝર્વમાં વાઘ માટે જીવલેણ બન્યો CDV વાયરસ

હાઈકોર્ટે છેલ્લા ૧૦ વર્ષમાં વન્યજીવ સંરક્ષણ માટે ફાળવાયેલા બજેટ અને તેના ઉપયોગની વિગતો પણ માગી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

ભોપાલ,તા.૩ : મધ્યપ્રદેશના કાન્હા ટાઈગર રિઝર્વમાં વાઘોનાં સતત મોતને પગલે વન્યજીવ સંરક્ષણ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV)ના સંક્રમણની આશંકા વચ્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો છે. સરકારી આંકડા મુજબ એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ૧૧ વાઘનાં મોત થયાં છે, જેમાંથી ૮નાં મોત પાછળ CDV સંક્રમણ જવાબદાર હોવાનું નોંધાયું છે.

મુંબઈના વકીલ સુબિત ચક્રવર્તીએ દાખલ કરેલી જનહિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વાયરસને કારણે આશરે ૨૦ વાઘનાં મોત થયાં છે. સરકારી આંકડા અને અરજીના દાવા વચ્ચેના તફાવત અંગે કોર્ટે સ્પષ્ટતા માગી છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં થયેલાં મોતનાં કારણો સહિતની વિગતો ૧૫ દિવસમાં રજૂ કરવા આદેશ અપાયો છે. આગામી સુનાવણી ૧૬ નવેમ્બરે થશે.

CDV વાયરસ મુખ્યત્વે શ્વાનોમાં ફેલાતો ચેપી રોગ છે, પરંતુ વાઘ સહિત અન્ય વન્યજીવોને પણ સંક્રમિત કરી શકે છે. સંક્રમણથી શ્વાસ અને પાચનતંત્રની સમસ્યાઓ ઉપરાંત નર્વસ સિસ્ટમને પણ ગંભીર નુકસાન થઈ શકે છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને રિઝર્વ આસપાસના વિસ્તારોમાં આશરે ૨,૭૦૦ રખડતા શ્વાનોને વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો છે.આ વર્ષે એપ્રિલમાં અમાયની નામની વાઘણ અને તેનાં ચાર બચ્ચાંનાં મોતથી ચિંતા વધી હતી. ત્યારબાદ પણ અન્ય વાઘોનાં મોત નોંધાયાં છે. આ ઘટનાઓથી રિઝર્વમાં સંક્રમણની સ્થિતિ અંગે પ્રશ્નો ઊભા થયા છે.

હાઈકોર્ટે છેલ્લા ૧૦ વર્ષમાં વન્યજીવ સંરક્ષણ માટે ફાળવાયેલા બજેટ અને તેના ઉપયોગની વિગતો પણ માગી છે. હવે સરકારના રિપોર્ટ અને ૧૬ નવેમ્બરની સુનાવણી પર નજર રહેશે. વાઘોની સુરક્ષા માટે સંક્રમણના સ્રોતની ઓળખ, નિયમિત દેખરેખ અને અસરકારક સંરક્ષણ વ્યવસ્થા નિર્ણાયક બનશે.

દિવાળીમાં ફ્લાઇટ ટિકિટના ભાવમાં ૭૦૦% સુધીનો ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૩ : દિવાળીના તહેવાર દરમિયાન હવાઈ મુસાફરી કરવાનું આયોજન કરતા મુસાફરો માટે ફ્લાઇટ ટિકિટના આસમાને પહોંચેલા ભાવ ચિંતાનો વિષય બન્યા છે. ખાનગી એરલાઇન્સ દ્વારા તહેવારો દરમિયાન ટિકિટના ભાવમાં સામાન્ય ભાડાની સરખામણીએ ૭૦૦ટકા સુધીનો વધારો કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી હતી. જોકે, આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની અરજદારની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.



સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથે ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'વિમાનમાં મુસાફરી ન કરો.' આ ટિપ્પણી બાદ બેન્ચે આગામી કેસ હાથ ધર્યો હતો. આ ઘટનાએ તહેવારો દરમિયાન હવાઈ ભાડાંના નિયંત્રણ અને સામાન્ય મુસાફરોના હિત અંગે નવી ચર્ચા જગાવી છે.

અરજદારે પોતાની અરજીમાં દલીલ કરી હતી કે દિવાળી, અન્ય તહેવારો, રજાઓ અને કટોકટીના સમયમાં ખાનગી એરલાઇન્સ દ્વારા ટિકિટના ભાવમાં અસાધારણ વધારો કરવામાં આવે છે. સામાન્ય મુસાફરો માટે હવાઈ મુસાફરી મોંઘી બનતી હોવાથી ભાડા પર યોગ્ય મર્યાદા નક્કી કરવાની જરૂરિયાત છે.

અરજીમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે હવાઈ મુસાફરી આવશ્યક સેવા બની રહી છે અને મનસ્વી ભાડા વધારો ભારતીય બંધારણની કલમ ૧૪ હેઠળ મળતા સમાનતાના અધિકારને અસર કરી શકે છે.

આ મામલે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને અગાઉ જણાવ્યું હતું કે ભારતીય વાયુયાન અધિનિયમ, ૨૦૨૪ હેઠળ હવાઈ ભાડાના નિયમન માટે નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા છે અને તેને વહીવટી મંજૂરી મળી ગઈ છે.

પ્રસ્તાવિત નિયમો હેઠળ અસાધારણ પરિસ્થિતિઓમાં અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારને એરલાઇન્સના ટિકિટ ભાડામાં હસ્તક્ષેપ કરવાની સત્તા મળી શકે છે. જો આ નિયમો અસરકારક રીતે અમલમાં આવે તો તહેવારો દરમિયાન થતી અતિશય ભાડા વધારાની સમસ્યાને નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે.

હવાઈ ભાડાંમાં વધારા પાછળ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ઊંચા ભાવ પણ એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતા તણાવને કારણે ક્રૂડ

પારડી તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Wednesday 04, November 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

બગવાડામાં રેલ્વે ફલાયઓવરબ્રિજ મોટા વાહનો માટે બંધ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : પારડી તાલુકાના બગવાડા ગામમાં આવેલ રેલવે ફલાવર બ્રિજ મોટા વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યું છે કારણ કે આ રોડમાંથી મોટા વાહન ચાલકો ટોલટેક્સ ચોરી કરીને જતા હતા જેના કારણે અકસ્માત થતા હતા અને ટ્રાફિક સમસ્યા ઊભી થતી હતી હાલમાં આ રોડ મોટા વાહન ચાલકો માટે બંધ કરી દેવામાં આવતા ટ્રાફિક સમસ્યાનો નિકાલ થયો છે અને ઉદવાડા રેલવે સ્ટેશન મુખ્ય માર્ગ પણ હાલ ખુલ્લો થયો છે. બગવાડા ફલાઈવર બ્રિજ થઈને ઉદવાડા રેલવે સ્ટેશન થી દમણ તરફ અને વલસાડ તરફ વાહનચાલકો ટોલટેક્સ બચાવવા માટે જતા હતા.

જેના કારણે ઉદવાડા રેલવે સ્ટેશન પર ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી હોય અને અકસ્માત પણ સર્જાઈ રહ્યા હોય લોકોએ મોટા વાહનો બંધ થાય એવી માંગણી કરી હતી જેથી હાલમાં બગવાડા બ્રિજ પાસે મોટા વાહનોની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે અને બોર્ડ મારી દેવામાં આવ્યું છે જેથી બ્રિજ પરથી હવે મોટા વાહનોની એન્ટ્રી અટકી છે અને સ્થાનિક લોકો જ્યાં મોટા વાહન ચાલકોના લીધે ટ્રાફિક સમસ્યાનો ભોગ બની રહ્યા છે.

તેઓને હાલ રાહત મળી છે અને અકસ્માત થતા પણ અટક્યા છે ટોલટેક્સ ચોરી કરવા માટે મોટા વાહન ચાલકો આ રોડનો ઉપયોગ કરતા હતા. જે હાલમાં બંધ કરી દેવામાં આવ્યું છે. જેના લીધે ખાસ કરીને સ્થાનિક લોકોને રાહત મળી છે.

પારડીમાં રવિવારે મેડિકલ દુકાનો બંધ રહેતા લોકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : પારડી નગરપાલિકા દ્વારા દર રવિવારે ગુમસ્ત ધારા ના નિયમ અનુસાર વેપારીઓને દુકાન બંધ કરવા માટે આપવામાં આવેલ સૂચના મુજબ વેપારીઓ દુકાન બંધ રાખતા હોય છે પરંતુ મેડિકલ દુકાન ચલાવતા દવા વેચાણ વાળાઓ વેપારીઓ પોતાની દુકાન રવિવારે બંધ રાખતા લોકોને દવા ખરીદી માટે હેરાનગતિ થતી હોય છે અને દવા મળતી નથી જેથી પહેલાની જેમ મેડિકલ સ્ટોર રવિવારે ફરીથી ચાલુ રાખવામાં આવે એવી વ્યવસ્થા જનતાના હિતમાં થાય એ ખૂબ જ જરૂરી બની ગયું છે પારડી મુખ્ય બજાર દર રવિવારે નગરપાલિકાના ગુમસ્ત ધારા નિયમ મુજબ બંધ રાખતા હોય છે. રવિવારના રોજ બપોર સુધી વેપારીઓ દુકાન ચાલુ રાખે છે અને બપોર બાદ સંપૂર્ણ બજાર બંધ થઈ જાય છે. તહેવારના દિવસોમાં વેપારીઓ રવિવારે પણ દુકાન લોકોના હિતમાં ચાલુ રાખતા હોય છે પરંતુ આમ દિવસો દરમિયાન નિયમનું પાલન કરે છે જે યોગ્ય છે પહેલા મેડિકલ વાળા જે વેપારીઓ દવા નું વેચાણ કરે છે. એવો લોકોને ઈમરજન્સીમાં રવિવારે પણ દવા મળી રહે એવા હેતુથી પોતાની દવાની દુકાન ચાલુ રાખતા હતા પરંતુ હવે મેડિકલ દવાની દુકાન ચલાવતા વેપારીઓ પણ રવિવારે બપોર બાદ પોતાની દુકાનો બંધ કરી દેતા સાંજના સમયે રાત્રિ દરમિયાન ઈમર્જન્સી દરમિયાન લોકોને જ્યારે દવાની જરૂર રવિવારે હોય છે.

ત્યારે મેડિકલ સ્ટોર બંધ રહે છે અને લોકોને હેરાન પરેશાન થવું પડે છે લોકોના હિતમાં લોકોને દવા મળી રહે તેવા હેતુથી મેડિકલ સ્ટોર ચલાવતા વેપારીઓ રવિવારે પણ પહેલાની જેમ પોતાની દુકાનો ચાલુ રાખે એવા પ્રયત્ન કરવા ખૂબ જ જરૂરી છે અને વેપારીઓએ પણ લોકોનું હિત સમજી મેડિકલ સ્ટોર ચાલુ રાખવા જોઈએ જેથી લોકોને જ્યારે સારવાર ની જરૂર હોય ત્યારે ચોક્કસ સમયે દવા મળી રહે અને લોકોનો ઉચ્ચાર થઈ શકે છે.

પારડીમાં ઓવરલોડેડ વાહનોથી અકસ્માતની ભીતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : શિયાળાની સિઝનમાં પારડી તાલુકાના ગામડાઓમાં શેરડી કાપણી શરૂ થઈ ચૂકી છે શેરડી કાપણી કરાવી ટેકટર વાળાઓ ઓવરલોડ શેરડી ભરી જાહેર માર્ગોમાંથી જઈ રહ્યા છીએ જે અકસ્માત નોતરી શકે છે ઓવરલોડ શેરડી ભરીને ટ્રેક્ટર વાળાઓ રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૪૮ અને નાસિક હાઈવે ખાસ કરીને ઉપયોગમાં લેતા હોય છે

જેના કારણે વાહન ચાલકો કોઈ વખત અકસ્માતમાં સંપડાઈ જતા હોય છે જેથી ઓવરલોડ શેરડી થી ભરેલી ટ્રોલી ટ્રક ને ચોક્કસ નિયમ પ્રમાણે શેરડી ભરવા જોઈએ જેના લીધે અકસ્માત થતા અટકાવી શકાય છે વહીવટી તંત્ર પણ આ રીતે ઓવરલોડ જતા ટ્રેક્ટર વાળાઓ સામે પગલાં લેવા જોઈએ જેથી અકસ્માત થતા અટકાવી શકાય છે.

પારડીમાં એકતા પરેડ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : સમગ્ર દેશમાં અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલજીની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસ દેશની એકતાઅખંડિતતા અને સુરક્ષાને સુદઢ કરવાનો તથા સામાજિક સમરસત્તાનો સંદેશ આપે છે. જે અનુસાર રાષ્ટ્રીય એકતા દિવસ ૩૧મી ઓક્ટોબર એકતા રેલી પારડી ચાર રસ્તાથી સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાન, પારડી સુધી યોજવામાં આવી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા પાસે પુષ્પાંજલિ અર્પણ કરી સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાન, પારડી ખાતે એકતા પરેડનું સ્ટેચ્યુ ઓફ યુનિટીથી જીવંત પ્રસારણ તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનું ઉધબોધનના પ્રસારણનું સમૂહ નિદર્શન કાર્યક્રમ રાખવામા આવેલ હતો.

તેમજ સ્વચ્છ ભારત મિશન અર્બન- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ લોન્ચ કરવામાં આવેલ જે અંતર્ગત રાજયની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓ પૈકી દરેક મહિને શ્રેષ્ઠ સફાઈ કામગીરી કરતાં કર્મચારીઓની પસંદગી કરીને તેઓને માસિક ધોરણે એવાર્ડ તથા શ્રેષ્ઠ કર્મચારીઓને નાણાકીય પ્રોત્સાહન રૂપે રૂ.૧૦ હજારની સહાય પારડી નગરપાલિકા દ્વારા આપવામાં આવી, જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશ પટેલ, નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, ચીફ ઓફિસર કોમલબેન, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, મહામંત્રી અશોક પ્રજાપતિ, સદસ્યઓ, નગરપાલિકા કર્મચારીગણ, કુમારશાળા અને કન્યા શાળાના વિધ્યાર્થી, સખી મંડળની બહેનો, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી તથા નગરજનો હાજર રહ્યા હતા.

કલસર ચાર રસ્તા પાસે સીસીટીવી કેમેરા મુકાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : પારડી તાલુકાના કલસર ગામમાં આવેલ ચાર રસ્તા પાસે સીસીટીવી કેમેરા મૂકી દેવામાં આવ્યા છે.

સીસીટીવી કેમેરા મુકાયા બાદ ઉદવાડા દમણ ઉદવાડા રેલવે સ્ટેશન અને ઉંમર સાડી તરફ જતા વાહનચાલકો સીધે સીધા પોલીસની નજરમાં છે. સીસીટીવી કેમેરા મૂકી દેવામાં આવતા ગુનાખોરી ને ડામવા માટે પોલીસને ખૂબ જ મોટી રાહત મળશે આ ચાર રસ્તા પાસેથી ગુનાખોરી કરી જનાર વ્યક્તિ સીસીટીવી કેમેરાના લીધે પોલીસના નજરમાં રહેશે.

અને સરળતાથી પોલીસ ગુનેગારને ઓળખી શકશે જોકે આ એક બહુ જ સારી બાબત છે કે ઉદવાડા પંથકના મુખ્ય માર્ગ પર મુકાયેલા સીસીટીવી કેમેરા થકી આ વિસ્તારના લોકોને બહુ જ સારી સેફટી મળી રહેશે.

પારડીની ભાસ્કર ડયુટી વિદ્યાલયમાં કલર બેલ્ટની પરીક્ષા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : ભાસ્કર ડ્યુટી વિદ્યાલય, કિલ્લા પારડી ખાતે કલર બેલ્ટની કસોટી એક્ઝામ લેવામાં આવી હતી બાદ માં બેલ્ટ સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. ભાસ્કર ડ્યુટી વિદ્યાલય, પારડી ખાતે આર્મર માર્શલ આર્ટસ ગુજજુ કરાટે એસોસિએશન તેમજ સેલ્ફ ડિફેન્સ કરાટે એસોસિએશના ફાઉન્ડર તથા ચેરમેન ક્યોસી મનોજ જી. પટેલ અને એમની ટીમ દ્વારા કલર બેલ્ટનું ગ્રેડીંગ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં આચાર્ય એકતાબેન સક્સેના દ્વારા આજના જેટ યુગમાં કરાટે તાલીમની કેટલી જરૂર છે. જેની સમજ આપવામાં આવી. સમાજમાં દિન પ્રતિદિન વધતી અસલામતી માહોલમાં કરાટે સેલ્ફ ડિફેન્સ તાલીમ એક માત્ર રામ બાણ ઈલાજ છે. પોતાની શાળાના કુલ ૧૫૦ થી વધુ કરાટે તાલીમાર્થીઓની કસોટી કરાવવામાં આવી હતી. Exam કાર્યક્રમમાં ક્યોષી મનોજ પટેલ, સેન્સાઈ આકાશ પટેલ, સેન્સાઈ ગણેશ નાયકા, સેન્સાઈ મંગલ ટેલર, સેન્સાઈ કિરણ પટેલ અને સેમ્પાઈ પંથ પટેલ હાજર રહ્યા હતા.કસોટી પૂર્ણ થયે આચાર્ય એકતાબેન દ્વારા કીયોશી મનોજ પટેલ અને એમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉમરસાડી રેલ્વે સ્ટેશને ફલાય ઓવરબ્રિજ શરુ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : પારડી તાલુકાના ઉમરસાડી ગામમાં આવેલ પારડી રેલવે સ્ટેશન ફાટક પાસેના ફલાય ઓવર બ્રિજ શરૂ કરવામાં આવતા સ્થાનિક જનતાને ફાટકમાંથી મુક્તિ મળી છે અને અવરજવરમાં હવે ટાઈમ પણ બચે છે ઈમરજન્સીમાં પણ લોકો હવે તાત્કાલિક દવાખાને પહોંચી શકે છે ત્યારે હવે આ બ્રિજ પર રાત્રિ દરમિયાન અંધાર પર છવાઈ રહેતું



હોય જેથી લાઈટ મૂકવાની જરૂર છે રાત્રિ દરમિયાન અંધારપાટના લીધે અકસ્માત થવાના પણ સંભવ રહે છે જેથી જવાબદાર વહીવટી તંત્ર દ્વારા લાઈટની વ્યવસ્થા બ્રિજના ઉપર કરવામાં આવે ખૂબ જ જરૂરી બની ગયું છે બ્રિજ ની સુંદર સગવડ થઈ છે અને લોકોને લાભ પણ મળી રહ્યો છે.

પરંતુ રાત્રી દરમિયાન બ્રિજના ઉપર લાઈટ ના અભાવે સ્થાનિક લોકોને કોઈક વખત અકસ્માતનો ભોગ બનવું પડે છે જેથી લાઈટ વહીવટી તંત્ર દ્વારા ઝડપથી મૂકવામાં આવે એ જનતાના હિતમાં જરૂરી બની ગયું છે.

સુખેશ પ્રા. શાળામાં આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ અને આરએનસી ફી આઈ હોસ્પિટલ વલસાડ તથા આધાર આશ્રમ ટ્રસ્ટ સુખેશ,દેવજી ફળિયાના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક આંખ તપાસ કેમ્પનું આયોજન સુકેસ પ્રાથમિક શાળામાં રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં કુલ ૩૩૯ દર્દીઓએ આંખોની તપાસનો લાભ લીધો હતો. જેમાંથી ૧૪૭ દર્દીઓને ચશ્માં વિતરણ કરવામાં આવ્યાં હતાં અને ૨૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા આ કેમ્પનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ લોકોને આંખોની યોગ્ય તપાસ અને સારવારની સુવિધા નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવાનો હતો. આ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા ગ્રામ્ય વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓનો લાભ



મળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજક સંસ્થાઓના કાર્યકરો જેવા પ્રમુખ આધાર આશ્રમ ટ્રસ્ટ જે.ડી પટેલ ટ્રસ્ટી ઠાકોરભાઈ પટેલ,મોહનભાઈ પટેલ ગામ ના આગેવાન ચંદુભાઈ પટેલ ગુલાબભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ,મૃગેશભાઈ પટેલ તેમજ મુખ્ય અતિથિ એવા ગામના સરપંચ પુનિતભાઈ પટેલ, સુખેશ પ્રાથમિક શાળાના પ્રિન્સિપલ અજીતભાઈ ઠાકોર,માજી પ્રિન્સિપલ અર્જુનભાઈ પટેલ, તથા સહયોગીઓનુ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

ટુકવાડામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : કેન્દ્ર સરકારની મહત્વ મહત્વાકાંક્ષી યોજના એવી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશભરના ખેડૂતોના ખાતામાં ૨૪મો હપ્તો જમા થઈ રહ્યો છે. આ યોજનાના સીધા પ્રસારણ અને ઉજવણીના ભાગરૂપે પારડી તાલુકાના ટુકવાડા ગામે આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટુકવાડા અને આસપાસના વિસ્તારના મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન દ્વારા ડિજિટલ માધ્યમથી ખેડૂતોના ખાતામાં નાણાં જમા કરવાની પ્રક્રિયાનું લાઈવ પ્રસારણ અહીં ઉપસ્થિત ખેડૂતોએ મોટી સ્ક્રીન પર નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, દૂધ મંડળીના હોદેદારો તેમજ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેડૂતોએ સરકારની આ આર્થિક



સહાય બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ રકમ તેમને ખેતીના ખર્ચ અને બિયારણ-ખાતર ખરીદવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આ પ્રસંગે TDO સંદિપ ભગોરા, જિ.પં. સભ્ય સોનલબેન રવિન્દ્રભાઈ પટેલ, તા.પં. સભ્ય પ્રિયા ડેનિશ પટેલ, તેજલ દિપેશ પટેલ, નાયબ મામલતદાર, રેખાબેન નિલેશ પટેલ, અરવિંદભાઈ પટેલ, ડુંગરી સરપંચ રવિન્દ્ર પટેલ, જીતુ આહિર, માજી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશપટેલ, કૃષ્ણકાંત દેસાઈ, તેમજ ગ્રામ પંચાયતના સભ્યો જોડાયા હતા. સાથે ઉપસ્થિત ખેડૂત મિત્રો દક્ષેશ પટેલ, વિપુલ પટેલ, ભગુભાઈ હળપતિ, કનુભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનો દ્વારા ખેડૂતોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

કોલક નદી પર આધુનિક બ્રિજથી ગુજરાત-દમણ વચ્ચેની વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો



પારડી તાલુકાના કલસર ગામમાં આવેલ ગુજરાત અને દમણ બોર્ડર ની વાત કરીએ તો દરરોજ ગુજરાતમાંથી દમણ નોકરી કરવા માટે હજારોની સંખ્યામાં કામદાર ભાઈ બહેનો જતા હોય છે અને સવાર સાંજે બોર્ડરમાં કામદારોની ભીડ લાગતી હોય છે સૌથી પહેલા તો પ્રશ્ન એ થાય છે કે કામ પર જવું હોય તો લોકોને અવર-જવર માટેની સગવડ ચોક્કસ હોવી જોઈએ જેમાં રસ્તા અને બ્રિજની ભૂમિકા મુખ્ય હોય છે રસ્તા અને બ્રિજ સારા હોય તો કામદારો સમયસર પોતાના કામ પર પહોંચી જતા હોય છે કામદારોની સાથે સાથે વિશાળ સંખ્યામાં આપણા રાજ્યના એવા જૂથો છે કે જે દમણમાં મોજ મસ્તી કરવા માટે જતા હોય છે એટલે કે વિશાળ સંખ્યા આપણા રાજ્યમાંથી દમણ જાય છે અને દમણ માંથી આપણા રાજ્યમાં લોકો આવે છે મુખ્ય વાતમાં આપણે પહોંચીએ તો કોલક નદી અને એના બ્રિજ ની પહેલા વાત આવે કારણ કે એક સમયે એવો હતો કે જે સમયમાં કોલક નદી નો નાનકડો બ્રિજ લોકોની અવરજવર માટે ઉપયોગી હતો આ બ્રિજ ના લીધે ટ્રાફિક સમસ્યા દરરોજ થતી હતી અને ચોમાસામાં જ્યારે નદીમાં પાણીનો પ્રવાહ વધારે હોય ત્યારે બ્રિજ ડૂબી જતો હતો અને દમણ અને ગુજરાતનું દરરોજનું કનેક્શન કપાઈ જતું હતું અને લોકો અવર-જવર કરી શકતા ન હતા. આજ બધી સમસ્યાઓ બ્રિજના અભાવે લોકોને નડતી હતી આ તમામ બાબતો ધ્યાનમાં રાખી દમણ પ્રશાસન અને ગુજરાત રાજ્ય વહીવટી તંત્ર ના સંયુક્ત અભિયાનમાં કોલક નદીમાં વિશાળ મોટું આકાર ધરાવતું નવા આધુનિક બ્રિજ નું નિર્માણ કરવામાં આવ્યું છે જે બ્રિજના રસ્તા ખૂબ જ મજબૂત અને સારા બનાવવામાં આવ્યા છે નવું આધુનિક બ્રિજ લગભગ બે વર્ષથી સતત જનતાની સેવામાં ચાલુ છે હવે ચોમાસુ હોય કે નદીમાં ગમે એટલું પાણી ભરાયેલું હોય લોકોને બ્રિજ બંધ થવાનો ભય લાગતું નથી કારણ કે આધુનિક બ્રિજ બન્યા બાદ આ સમસ્યા સંપૂર્ણપણે કાયમી દૂર થઈ ગઈ છે દમણ અને ગુજરાત બંને રાજ્યમાં અવરજવર કરવી ખૂબ જ સહેલી બની છે ખરેખર સરકારના આ પગલા થકી કોલક નદીના બ્રિજની જૂની સમસ્યાનો નિરાકરણ થયું છે સંઘ પ્રદેશ દમણના પ્રશાસન દ્વારા બ્રિજ બનાવવાની ખુબ જ સુંદર કામગીરી રાજ્યના કલસર પારડી બોર્ડરમાં કરવામાં આવી છે આ છે આધુનિક ભારત અને આધુનિક ભારતમાં અનેક સમસ્યાઓનો નિકાલ કરવામાં આવ્યો છે કોલક નદીના આ બ્રિજ નો નિર્માણ યુગોયુગો સુધી લોકોની સમસ્યા દૂર કરી લોકોને તાત્કાલિક સુવિધા અપાવનારી કામગીરી છે જે ખરેખર જનતા ના હિતમાં ચોક્કસ રીતે કરવામાં આવેલી કામગીરી છે આ સમસ્યા અને દૂર કરવામાં આવતા આ પંથકના લોકો દમણ અને ગુજરાત રાજ્યના વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.



પારડીનો પત્ર

કુલદિપસિંહ રાજપુત, પારડી

પારડીની અશ્વમેઘ વિદ્યાલયમાં રમતોત્સવ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૩ : પારડી તાલુકાના અશ્વમેઘ વિદ્યાલય ખાતે વાર્ષિક રમતોત્સવનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવનો શુભારંભ શાળાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષદભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર મનોજભાઈ પટેલ શાળાના આચાર્ય જનકભાઈ તથા શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો બાળકો ખેલદિલીની ભાવનાથી અને જીતવાના જુસ્સા સાથે રમે એના માટે બાળકોને એક પ્રતિજ્ઞા લેવડાવી હતી રમતગમત એ વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સર્વાંગી વિકાસનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને યોજાયેલા આ રમતોત્સવમાં ચેસ, કબડ્ડી, ખો-ખો, દોડ, દોરડાખેંચ અને ગોળાફેંક જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું મેદાનમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને રમતો પ્રત્યેનો જુસ્સો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો આ રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત, સહકાર, આત્મવિશ્વાસ, નેતૃત્વ અને ખેલદિલી જેવા જીવનમૂલ્યોને પ્રોત્સાહન મળ્યું હતું. વિદ્યાર્થીઓએ હાર-જીતની ભાવનાથી પર રહીને પરસ્પર સન્માન અને રમતગમતના નિયમોનું પાલન કરતાં ખેલદિલીપૂર્વક રમતોત્સવમાં ભાગ લીધો હતો શાળાના સંચાલકમંડળ અને આચાર્ય એ વિદ્યાર્થીઓના ઉત્સાહની પ્રશંસા કરતાં રમતગમતને શિક્ષણનો અભિન્ન હિસ્સો ગણાવ્યો હતો. આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આમ, અશ્વમેઘ વિદ્યાલયનો વાર્ષિક રમતોત્સવ ઉત્સાહ, ઉમંગ, શિસ્ત અને ખેલદિલીના સુંદર સમન્વય સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 04, November 2026

ઈંધણ બદલાયું, પડકારો યથાવત્

પેટ્રોલમાં વીસ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગ મુદ્દો થાળે પડ્યો નથી ત્યાં કેન્દ્ર સરકારે ૧૦૦ ટકા ઈથેનોલ (ઈ૧૦૦) પર ચાલનારાં વાહનોને લીલી ઝંડી દેખાડી છે. કેન્દ્રના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે સેન્ટ્રલ મોટર વેહિકલ રૂલ્સમાં ફેરફાર કરી ભારતમાં સર્ટિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો માટે ઈ૮૫ અને ઈ૧૦૦ ઈંધણને સત્તાવાર માન્યતા આપી છે. ઈંધણ માટે ભારતનો આયાતી ક્રૂડતેલ પરનો મદાર જોતાં અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પનું તરંગી વલણ, ઈરાનમાં યુદ્ધ અને તેના પગલે હોર્મુઝની નાકાબંધી અને તેના કારણે ક્રૂડના ભડકે બળતાં ભાવની પરિસ્થિતિ જોતાં વૈકલ્પિક ઈંધણ બાબતે ભારતે લીધેલો આ નિર્ણય સમયોચિત છે. જોકે, આ મોરચે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોથી લઈને અનેક પડકારો છે. વિરોધ પક્ષોએ ઈ૨૦ મુદ્દે શરૂ કરેલા દુપ્રચારનો છેદ ઉડાડી મૂકવા માટે સરકારે લીધેલું પગલું એક તીરથી અનેક લક્ષ્ય સાધનારું છે. ઈંધણ માટે પરાવલંબન દૂર કરી દેશમાં જ ઈથેનોલના ઉત્પાદન સાથે દરેક પ્રકારના ઈંધણનો ઉપયોગ જેમાં થઈ શકે એવાં વાહનોના ઉત્પાદનને પણ વેગ મળશે. ઈ૨૦ ઈંધણના કારણે માઈલેજમાં થતો ઘટાડો તથા એન્જિનને લાગતા ઘસારા વિશેની શંકા-કુશંકાઓ અને દાવા-પ્રતિદાવા વચ્ચે ૧૦૦ ટકા ઈથેનોલ પર વાહનો ચાલશે એ મુદ્દે વિરોધ થયો નથી, કેમ કે આ નવું ઈંધણ માત્ર ફ્લેક્સ-ફ્યુએલ વેહિકલ માટે જ છે અને અત્યારે જેમની પાસે વાહનો છે, તેમને કોઈ ફેરફાર કરવાનો કે બદલી કરવાની જરૂર રહેતી નથી. ભારતમાં ઈથેનોલનું મબલક ઉત્પાદન થાય છે અને અત્યારે ઉદ્યોગોમાં તેનો ઉપયોગ થાય છે. મકાઈ, શેરડી તથા અન્ય સ્ટાર્ચયુક્ત પાકમાંથી ઈથેનોલ બને છે, આથી ઈ૧૦૦ને કારણે આ ખેડૂતોને પણ લાભ થશે. એક ભયસ્થાન એ છે કે, ભવિષ્યમાં ખેડૂતો આ પાક પર જ ભાર આપશે તો? તથા આ પાક માટે પાણીની વધુ જરૂર પડે છે એ પણ જાણીતી વાત છે. આવામાં, હાલ છે એવી દુકાળ અને પાણીકાપની સ્થિતિમાં સંતુલન બગડી શકે છે. જોકે, અત્યારે તો માત્ર બે જ કાર એવી છે, જે ફ્લેક્સ-ફ્યુએલ એન્જિન ધરાવે છે, આથી માગ-પુરવઠાનું સંતુલન સધાય એ પણ એક મોટો પડકાર છે. એક જોખમ એવું પણ છે કે, હાઈ-ઈથેનોલ બ્લેન્ડિંગને કારણે લાંબા ગાળાના ઈલેક્ટ્રિફિકેશન તરફના રોકાણમાંથી ગતિશીલતા ઓછી થઈ શકે છે, જેના પર ભારત અત્યારે ભાર આપી રહ્યું છે. આશા રાખીએ કે, આ અને આવા મુદ્દાઓ અંગે સરકારે વિચાર કરી લાંબા ગાળાનું આયોજન કર્યું હશે. પ્રદૂષણમાં ઘટાડાનો લાભ અને આયાતી ક્રૂડ પરના મદારમાં રાહતનો વિચાર ગળચટ્ટો લાગે એવો છે, પણ સમસ્યા કરતાં ઉપાય ક્યાંક જાલીમ ન થઈ પડે એ વધુ મહત્ત્વનું છે. જોકે, ઈ૧૦૦ દેશના ઈંધણ પ્રવાસમાં એક મહત્તનો વળાંક હોવા છતાં મંજિલ હજી દૂર છે.

સોનમ વાંગચુકની HIAL સંસ્થાને મોટો ઝટકો



(સંપૂર્ણ સમાચાર સેવા)
લદ્દાખ,તા.૩: લદ્દાખના જાણીતા સામાજિક કાર્યકર સોનમ વાંગચુક સાથે જોડાયેલી હિમાલયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ અલ્ટરનેટિવ્સ લદ્દાખ (HIAL) ફરી એકવાર વિવાદમાં આવી છે. લદ્દાખ વહીવટીતંત્રે સંસ્થાના CEO ડૉ. ગીતાંજલિ જે. આંગમોને નોટિસ પાઠવી ફ્યિાંગ સ્થિત ડેઝર્ટ ફ્લાવર સ્કૂલમાં ચાલી રહેલી શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓ અટકાવવાનો નિર્દેશ આપ્યો છે. વહીવટીતંત્રનો આરોપ છે કે જરૂરી સરકારી મંજૂરીઓ અને સંબંધિત વિભાગોની NOC મેળવ્યા વિના જ શાળામાં વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા હતા.

લેહની મામલતદાર કચેરી દ્વારા જાહેર કરાયેલી નોટિસમાં જણાવાયું છે કે શાળામાં વર્ગો અને અન્ય પ્રવૃત્તિઓ શરૂ કરતાં પહેલાં સંબંધિત સરકારી વિભાગોની જરૂરી પરવાનગી મેળવવામાં આવી નહોતી. વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, ડૉ. આંગમોએ ૨૨ સપ્ટેમ્બરે ડેપ્યુટી કમિશનરને પત્ર લખીને શાળાની પ્રસ્તાવિત મેનેજમેન્ટ કમિટીના સભ્યો માટે NOC અને જરૂરી મંજૂરીઓ માગી હતી. જોકે, મંજૂરી મળે તે પહેલાં જ પ્રવૃત્તિઓ શરૂ થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પાન મસાલા જાહેરાત વિવાદમાં અજય દેવગણનો FDA સામે મોરચો



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા.૩: બોલિવૂડ અભિનેતા અજય દેવગણ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે, પરંતુ આ વખતે કારણ તેમની ફિલ્મ નહીં, પરંતુ વિમલ ઈલાયચીની જાહેરાત ને લઈને ઊભો થયેલો કાનૂની વિવાદ છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા આપવામાં આવેલી શો-કોઝ નોટિસને અજય દેવગણે બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. અભિનેતાએ FDAની કાર્યવાહીને પૂર્વગ્રહયુક્ત ગણાવીને નોટિસને માત્ર ઔપચારિકતા અને દેખાડો ગણાવી છે. આ મામલે બોમ્બે હાઈકોર્ટમાં ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સુનાવણી થવાની શક્યતા છે. આ વિવાદે સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ, સરોગેટ એડવર્ટાઈઝિંગ અને પ્રતિબંધિત ઉત્પાદનોના પરોક્ષ પ્રચાર અંગે ફરી ચર્ચા જગાવી છે. અજય દેવગણે પોતાની રિટ અરજીમાં દાવો કર્યો છે કે મહારાષ્ટ્ર FDAએ તેમની સ્પષ્ટતા અને ખુલાસાને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા વગર જ કાર્યવાહી કરી હતી. તેમના મતે, ૧૬ ઓગસ્ટે આપવામાં આવેલી કારણદર્શક નોટિસ પહેલેથી જ નક્કી કરાયેલા નિર્ણયનો ભાગ હતી. FDAએ અજય દેવગણ ઉપરાંત શાહરૂખ ખાન અને ટાઈગર શ્રોફને પણ નોટિસ પાઠવી હતી. વિભાગનો આક્ષેપ છે કે વિમલ ઈલાયચીની જાહેરાત વાસ્તવમાં પાન મસાલાના પરોક્ષ પ્રચાર માટે કરવામાં આવતી સરોગેટ એડવર્ટાઈઝિંગ હોઈ શકે છે. કારણ કે વિમલ બ્રાન્ડ મુખ્યત્વે પાન મસાલા સાથે જોડાયેલી છે.

આંદોલનના નામે કોઈ જગ્યા પર કાયમી કબજો ન કરી શકાય :સુપ્રીમ

વિરોધ કરવાનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો કરતાં મોટો ન હોઈ શકે; નિર્ધારિત સમયમર્યાદામાં જ પ્રદર્શનની મંજૂરી આપવા સૂચન



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૩: દેશમાં વિરોધ પ્રદર્શન અને આંદોલનોને લઈને સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિકને છે, પરંતુ તેના નામે કોઈ એક જૂથ જાહેર સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો જમાવી શકે નહીં. વિરોધ પ્રદર્શનના અધિકાર અને સામાન્ય નાગરિકોના અધિકારો વચ્ચે સંતુલન જળવાવું જરૂરી છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસર અંગે દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ટિપ્પણી કરી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે કોઈ પણ સંગઠન કે જૂથને નિર્ધારિત વિરોધ સ્થળ પર કાયમી કબજો કરવાનો અધિકાર નથી. ખેડૂતો, પત્રકારો અને અન્ય સંગઠનોને પણ વિરોધ કરવાનો અધિકાર છે. તેથી એક જૂથને અનિશ્ચિત સમય સુધી એક જ સ્થળે વિરોધ કરવાની મંજૂરી આપી શકાય નહીં.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન માટે નિર્ધારિત સમયગાળો હોવો જોઈએ. પ્રદર્શનને મંજૂરી આપતા અથવા નકારતા સત્તાધિકારીઓએ પોતાના નિર્ણય પાછળનાં કારણો પણ સ્પષ્ટ કરવાં જોઈએ. કોઈ એક સંગઠન વિરોધ કરી રહ્યું હોય તો અન્ય સંગઠનોને ત્યાં વિરોધ કરતાં રોકી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટમાં વેપારી સંગઠનો દ્વારા દાખલ અરજીઓમાં વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વેપારીઓના વકીલે રજૂઆત કરી હતી કે વિરોધ સ્થળની આસપાસના વિસ્તારોમાં અંદાજે ૫૦ લાખ લોકો વસે છે.

તેમના જણાવ્યા અનુસાર, દેખાવોને કારણે આસપાસની દુકાનો બંધ રાખવાની સ્થિતિ સર્જાય છે અને કનોટ પ્લેસ જેવા વ્યસ્ત વ્યાપારી વિસ્તારમાં પણ ખરીદી માટે લોકોની અવરજવર ઘટી જાય છે. આ ઉપરાંત પોલીસ દ્વારા કથિત બળપ્રયોગ, મોટા પાયે અટકાયત, મેટ્રો સ્ટેશન બંધ કરવા અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના મુદ્દાઓ પણ અરજીઓમાં ઉઠાવવામાં આવ્યા હતા.

દિવાળીના તહેવારો દરમિયાન વિરોધ પ્રદર્શન રોકવાની માગ સાથે દિલ્હી કિરાના કમિટી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત સત્તાવાળાઓને નોટિસ પાઠવી હતી.

જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલા સંગઠનોને કેસમાં પક્ષકાર બનાવ્યા વિના વેપારીઓની ફરિયાદો અંગે અંતિમ નિર્ણય લઈ શકાય નહીં. વેપારી સંગઠનોને મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધના વિરોધ પ્રદર્શનના આયોજકોને પણ કેસમાં પક્ષકાર બનાવવા સૂચના આપવામાં આવી હતી.

આ સુનાવણી એવા સમયે થઈ રહી છે જ્યારે કેન્દ્ર સરકારે થોડા દિવસ પહેલાં જ જંતર-મંતરને નિર્ધારિત વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કર્યું હતું. તેના વિકલ્પ તરીકે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને CBD ગ્રાઉન્ડને વિરોધ પ્રદર્શન માટેનાં સ્થળ તરીકે ઓળખવામાં આવ્યાં છે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીથી ફરી એકવાર જાહેર સ્થળો પર વિરોધ પ્રદર્શન કરવાની મર્યાદા, સામાન્ય નાગરિકોની સુવિધા અને લોકશાહી અધિકારો વચ્ચે સંતુલન જાળવવાની ચર્ચા શરૂ થઈ છે.

આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે મુરાસુ વાવાઝોડાનું તાંડવ



(સંપૂર્ણ સમાચાર સેવા)
તેલંગાણા,તા.૩ : બંગાળની ખાડીમાં સર્જાયેલું ગંભીર ચક્રવાતી તોફાન 'મુરાસુ' આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટકતાં દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં હાહાકાર મચ્યો છે. વાવાઝોડાને કારણે ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જ્યારે પવનના ઝાપટાની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. ભારે વરસાદ અને તોફાની પવનને કારણે આંધ્ર પ્રદેશ તથા તેલંગાણામાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે અને હવાઈ સેવાઓ પર નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે. આશરે ૩૨ ટ્રેનો અને ૧૧ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. બીજી તરફ, દરિયાકાંઠાના વિસ્તારોમાં ઊંચાં મોજાં અને ભારે વરસાદને કારણે માછીમારો તથા ખેડૂતોની મુશ્કેલીઓ વધી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાતી તોફાન ઉત્તર-ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધીને મંગળવારે વહેલી સવારે ૩:૩૦થી ૫:૩૦ વાગ્યા દરમિયાન દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે પહોંચ્યું હતું. નેલ્લોર અને નરસપુર વચ્ચે ઓંગોલ નજીક લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ હતી.

આ દરમિયાન ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો અને કેટલાક વિસ્તારોમાં ઝાપટાની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. વાવાઝોડાના વિશાળ વૉલ ક્લાઉડનો ભાગ પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશી ચૂક્યો હતો.

ચક્રવાતની અસરને કારણે વિશાખાપટ્ટનમના ઋષિકોંડા બીચ નજીક એક બોટ મુશ્કેલીમાં ફસાઈ હતી. નેલ્લોર વિસ્તારમાં પણ બોટ ફસાઈ હોવાના અહેવાલ સામે આવ્યા હતા. જોકે, બંને ઘટનાઓમાં સવાર લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

દરિયામાં ઊંચાં મોજાં અને તોફાની પવનને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે માછીમારોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવાની સલાહ આપી છે. દરિયાકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને પણ સાવચેત રહેવા જણાવાયું છે.

વાવાઝોડાની અસર થી રેલવે અને હવાઈ પરિવહન વ્યવસ્થા ખોરવાઈ છે. દક્ષિણ મધ્ય રેલવે અને પૂર્વ તટ રેલવે દ્વારા આશરે ૩૨ ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

ચેન્નાઈ એરપોર્ટ પરથી વિજયવાડા, રાજમુંદ્રી, કડપ્પા અને તિરુચિ જતી ઈન્ડિગોની ૧૧ ફ્લાઈટ્સ ૨ નવેમ્બરે રદ કરવામાં આવી હતી. વિજયવાડા, રાજમુંદ્રી, તિરુપતિ અને વિશાખાપટ્ટનમ એરપોર્ટ પર પણ કામગીરીને અસર પહોંચી છે.

બાંગ્લાદેશમાં ફરી સત્તા પલટાની તૈયારી?

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઢાકા,તા.૩ : બાંગ્લાદેશમાં રાજકીય ગરમાવો ફરી વધવાના સંકેતો મળી રહ્યા છે. કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા આશરે ૫૦ લાખ કામદારોના વિરોધ પ્રદર્શન વચ્ચે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની પાર્ટી અવામી લીગ સક્રિય થઈ હોવાનો અહેવાલ સામે આવ્યો છે. આ ઘટનાને પગલે તારિક રહેમાન સરકારની ચિંતા વધી હોવાનું કહેવાય છે.

બાંગ્લાદેશી અખબાર 'નવા દિગંતા'ના અહેવાલ મુજબ, અવામી લીગના કેટલાક નેતાઓ કાપડ કામદારોનો સંપર્ક કરી રહ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે મજૂરોના આંદોલનને સરકાર વિરોધી પ્રદર્શનમાં ફેરવવાની યોજના છે.

ગાઝીપુર, મીરપુર અને અશુલિયા સહિત ઢાકાની આસપાસના વિસ્તારોમાં કાપડ કામદારો પગાર વધારાની માંગ સાથે વિરોધ કરી રહ્યા છે. કામદારોની મુખ્ય માંગ લઘુત્તમ માસિક પગાર વધારીને ૩૦ હજાર બાંગ્લાદેશી ટાકા કરવાની છે.

બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગમાં આશરે ૫૦ લાખ કામદારો કાર્યરત હોવાનું જણાવવામાં આવે છે. તાજેતરમાં ગાઝીપુરમાં થયેલા હિંસક વિરોધ બાદ સ્થિતિ વધુ સંવેદનશીલ બની છે.

અહેવાલ અનુસાર, ગૃહમંત્રી ચૌધરી સલાહુદ્દીને સ્પષ્ટ કર્યું છે કે સરકાર કોઈપણ પ્રકારની અસ્થિરતાની યોજનાને સફળ થવા દેશે નહીં. જોકે, અવામી લીગ દ્વારા મજૂર આંદોલનને રાજકીય સ્વરૂપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના દાવાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

જુલાઈ ૨૦૨૪ના વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાએ સત્તા ગુમાવી હતી અને બાંગ્લાદેશ છોડીને ભારત આવવું પડ્યું હતું. ત્યારથી તેઓ દિલ્હીમાં રહે છે. તેમણે બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

હાલમાં તેમની સામે અનેક કાનૂની કેસ છે અને તેમને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હોવાનો પણ અહેવાલ છે. આવી સ્થિતિમાં મજૂર આંદોલનને કારણે બાંગ્લાદેશનું રાજકારણ ફરી ગરમાય તેવી શક્યતા છે. જોકે, આ આંદોલન શેખ હસીનાની સત્તામાં વાપસીનો માર્ગ બની શકે છે કે નહીં, તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

દેશમાં દવાઓની આયાત હવે વધુ સરળ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા) ન વ ી દિલ્હી,તા.૩: દેશમાં દવાઓ, મેડિકલ ડિવાઈસ અને કોસ્મેટિક્સની આયાત પ્રક્રિયાને સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આયાત માટે અધિકૃત પ્રવેશ મથકોનું નેટવર્ક વિસ્તાર્યું છે. તેમાં ગુજરાતના મુન્દ્રા અને ગાંધીધામ સહિત દેશનાં અનેક નવા ઈનલેન્ડ કન્ટેનર ડેપો (ICD)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રાલયે ડ્રગ્સ નિયમો, ૧૯૪૫ના નિયોમ 43Aમાં સુધારો કરવાની પહેલ કરી છે. તેનો હેતુ આયાતકારોને વધુ સ્થળોએ કસ્ટમ્સ ક્લિયરન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે. અત્યાર સુધી નિર્ધારિત બંદરો અને એરપોર્ટ પર નિર્ભર રહેવું પડતું હતું.

નવા વિસ્તરણથી આ પ્રક્રિયા વધુ સુવિધાજનક બની શકે છે. ગુજરાતના મુન્દ્રા અને ગાંધીધામ ICDને નવા અધિકૃત પ્રવેશ મથકોમાં સામેલ કરવાથી રાજ્યના આયાતકારો, ફાર્મા કંપનીઓ અને મેડિકલ ડિવાઈસ ક્ષેત્રના વેપારીઓને ફાયદો થઈ શકે છે. ખાસ કરીને કચ્છ અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત કંપનીઓને માલની હેરફેર માટે વધુ વિકલ્પો મળશે. આ વિસ્તરણમાં હરિયાણાના સોનેપત, પ્યાલા અને હરસારુ, ઉત્તર પ્રદેશના દાદરી અને નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, તેલંગાણાના સનથ નગર અને થિમ્મા પુર તથા કર્ણાટકના વ્હાઇટફિલ્ડ અને બોમ્માસન્દ્રાનો સમાવેશ થાય છે.

ઈરાન મુદ્દે ચીનની શાંતિ પહેલ

પ. એશિયા મહાસત્તાઓનું યુદ્ધમેદાન ન બને : શી જિનપિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજિંગ, તા.૩
ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના સંભવિત નવા હુમલાઓની ચર્ચાઓ વચ્ચે ચીને પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો કરવાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે. ચીનના પ્રમુખ શી જિનપિંગે ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અલ-સૈયદ સાથે બેઠક કર્યા બાદ જણાવ્યું હતું કે, 'પશ્ચિમ એશિયા અને અખાતી ક્ષેત્ર મોટી મહાસત્તાઓની હરીફાઈનું મેદાન બનવું જોઈએ નહીં.' શી જિનપિંગે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે અરબ દેશો સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૭૮માં બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા બાદ ઓમાનના કોઈ રાષ્ટ્રાધ્યક્ષની આ પ્રથમ ચીન યાત્રા છે. ચીન અને ઓમાન વચ્ચે બહાર પાડવામાં આવેલા ૨૦ પોઈન્ટના સંયુક્ત નિવેદનમાં હોર્મુઝ સ્ટ્રેટ પરથી સામાન્ય અને સુરક્ષિત દરિયાઈ વાહનવ્યવહાર પુનઃસ્થાપિત કરવા પર સંમતિ વ્યક્ત કરવામાં આવી છે. બંને દેશોએ અમેરિકા અને ઈરાનને શાંતિપૂર્ણ માર્ગ અપનાવવા, સંઘર્ષનો અંત લાવવા માટે જૂન મહિનામાં થયેલા કરાર પર પાછા ફરવા અને વાટાઘાટો ફરી શરૂ કરવા અપીલ કરી છે. આ ઉપરાંત, ઈરાનના નાયબ સુરક્ષા પ્રમુખ અલી બાઘેરી કાની એ પણ ચીનની મુલાકાત લીધી હતી, જ્યાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથેની બેઠકમાં ઈરાનના સાર્વભૌમત્વ અને સુરક્ષાનું સમર્થન કરવામાં આવ્યું હતું. કેલેન્ડર જુઓ પશ્ચિમ એશિયામાં શાંતિની આ પહેલને વધુ આગળ ધપાવવા માટે ચીનના ખાસ દૂત ઝાઈ જૂન આ જ મહિને ઈરાન, ઓમાન અને સાઉદી અરેબિયાનો પ્રવાસ કરશે. ચીન અને અમેરિકા વચ્ચે ઈરાન સાથેની શાંતિ વાટાઘાટોમાં ચીન ગેરંટરની ભૂમિકામાં આવી રહ્યું હોવાથી શી જિનપિંગનું આ નિવેદન વૈશ્વિક રાજકારણની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. શી જિનપિંગે સ્પષ્ટ કર્યું છે કે, 'વિશ્વ મોટા ફેરફારોના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે તમામ પક્ષોએ મળીને યુદ્ધ રોકવા અને સુરક્ષાત્મક પડકારોનો ઉકેલ લાવવા આગળ આવવું પડશે.'

ટ્રમ્પે ચૂંટણી પહેલાં ખેડૂતો માટે $૧૫ અબજની રાહત યોજનાનું એલાન



(સંપૂર્ણ સમાચાર સેવા)
સિઓક્સ ફોલ્સ,તા.૩ : અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી (મિડટર્મ ઈલેક્શન) નજીક આવતાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખેડૂતોને આકર્ષવા માટે મોટી આર્થિક સહાયની જાહેરાત કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ખેડૂતોને ડીઝલ અને ખાતરના વધતા ભાવથી રાહત આપવા માટે અબજો ડોલરની સહાય આપવાની યોજના જાહેર કરી છે. આ જાહેરાતને અમેરિકાના ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂત મતદારોને પોતાની તરફ આકર્ષવાના રાજકીય પ્રયાસ તરીકે પણ જોવામાં આવી રહી છે. સિઓક્સ ફોલ્સ ખાતે કરવામાં આવેલી જાહેરાત અનુસાર, ખેડૂતોને ડીઝલના ઊંચા ભાવ સામે રાહત આપવા માટે આશરે ૮ અબજ ડોલરની વન-ટાઈમ સહાય આપવામાં આવશે. આ ઉપરાંત અમેરિકાના કૃષિ મંત્રાલયે ૨૦૨૫ના પાક વર્ષ માટે ૧૩.૮ અબજ ડોલરનો સેફ્ટી નેટ પ્રોગ્રામ જાહેર કર્યો છે. આ યોજનાનો હેતુ ખેડૂતોને ખેતીના વધતા ખર્ચ અને પાકની આવકમાં થતી ઘટ સામે આર્થિક સુરક્ષા આપવાનો છે.

અમેરિકન ખેડૂતો માટે ડીઝલ ખેતીના ખર્ચનો મહત્ત્વનો હિસ્સો છે. ટ્રેક્ટર, ટ્રક અને અન્ય કૃષિ સાધનો ચલાવવા માટે મોટા પ્રમાણમાં ડીઝલની જરૂર પડે છે. અહેવાલ મુજબ, અમેરિકામાં ડીઝલનો ભાવ પ્રતિ ગેલન ૬.૩૨ ડોલર સુધી પહોંચ્યો હતો. પરિણામે ખેતીના ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. આર્થિક દબાણ માત્ર ઈંધણ પૂરતું મર્યાદિત નથી. ખાતરના ભાવમાં વધારો, કૃષિ સાધનો મોંઘા થવા અને આંતરરાષ્ટ્રીય વેપારમાં અનિશ્ચિતતાએ ખેડૂતોના નફા પર અસર કરી છે. ચીન સાથેના વેપાર તણાવને કારણે અમેરિકન કૃષિ ઉત્પાદનોની નિકાસને પણ પડકારોનો સામનો કરવો પડ્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલી સહાયમાં વિવિધ કૃષિ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. તેમાં ડીઝલ માટેની વન-ટાઈમ ચુકવણી ઉપરાંત પશુપાલકો અને માછીમારો માટે ઓછામાં ઓછા ૫ અબજ ડોલરની સહાયનો સમાવેશ થાય છે.

ભારત સાથે વેપાર બંધ થતાં પાકિસ્તાનને ૪૦ અબજ ડોલરનું નુકસાન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩
ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ અને વર્ષ ૨૦૧૯માં પુલવામા હુમલા બાદ સરહદ પારના વેપાર પર મૂકાયેલી રોકને લઈને પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલ દ્વારા ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. પાકિસ્તાનની બિઝનેસ કાઉન્સિલે ચોંકાવનારો દાવો કરતા કહ્યું છે કે વેપાર બંધ થવાથી પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. વર્ષ ૨૦૧૯માં પુલવામા આતંકવાદી હુમલા બાદ તણાવ વધ્યા બાદ ભારત સાથે વેપાર બંધ થવાથી પાકિસ્તાનને અંદાજીત ૪૦ અબજ ડોલરનું આર્થિક નુકસાન થયું હોવાનું એક બિઝનેસ એડવોકેસી ગ્રુપના વડાએ સોમવારે જણાવ્યું હતું. પાક-ભારત બિઝનેસ કાઉન્સિલના ચેરમેન નૂર મુહમ્મદ કસૂરીએ બંને પડોશી દેશોને વેપાર સંબંધો પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે આનાથી બંને બાજુના વેપાર-ઉદ્યોગને લાભ થશે. તેમજ રોકાણ, પર્યટન અને પ્રાદેશિક સહયોગની તકો પણ ઊભી થશે. એક નિવેદનમાં કસૂરીએ જણાવ્યું કે ભારત સાથે વેપાર બંધ થવાથી પાકિસ્તાનના ઉદ્યોગોને જરૂરી કાચો માલ અને અન્ય માલ-સામાન દૂરના બજારોમાંથી ખરીદવાની ફરજ પડી રહી છે.

જેના લીધે પરિવહન અને ભાડા ખર્ચમાં વધારો થયો છે અને ડિલિવરી મળવામાં પણ વધુ સમય લાગી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે પાકિસ્તાનનો દવા ઉદ્યોગ ભારતના કાચા માલ પર નિર્ભર હતો. તેમણે કહ્યું કે જો પડોશી દેશમાંથી ફરી આયાત શરૂ થઈ જાય તો વાર્ષિક બે અબજથી ત્રણ અબજ ડોલરની બચત થઈ શકે છે.

વલસાડ પાલિકામાં પેવર બ્લોક કામે ભંડોળ અને ટેન્ડરિંગ મુદ્દે વિવાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : વલસાડ નગરપાલિકા વિસ્તારમાં જગન્નાથ મંદિર તરફ જતા માર્ગ પર પેવર બ્લોક નાખવાના કામને લઈને વહીવટી પ્રક્રિયા અને ભંડોળના ઉપયોગ સામે સવાલો ઉભા થયા છે. પાલિકા દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અને નિર્ણય પ્રક્રિયા વચ્ચે મોટો વિરોધાભાષ સામે આવતા ભ્રષ્ટાચાર અને નિયમોના ઉલ્લંઘનની આશંકા સેવાઈ રહી છે. વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવતા છીપવાડથી જગન્નાથ મંદિર સુધી ડ્રેનેજ લાઈનના કારણે બિસ્માર થયેલા રસ્તાના રિસ્ટોરેશન માટે પાલિકા પ્રમુખ દ્વારા નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૪૫(ધ) અને ૬૩(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ સ્વભંડોળમાંથી ખર્ચ મંજૂર કરીને કામ મંજૂર કરાયું હતું. આ કામ માટે સ્વભંડોળમાંથી ૩૧ લાખથી વધુની મોટી રકમ ફાળવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, આ જ કામ માટે પાલિકાના ચીફ ઓફિસર દ્વારા મુખ્યમંત્રી શહેરી સડક યોજના (વર્ષ ૨૦૨૫-૨૬) હેઠળ પારડીના કોન્ટ્રાક્ટર એન. ડી. દુબેને વર્ક ઓર્ડર ઇશ્યૂ કરવામાં આવ્યો છે. એક જ કામ અને વિસ્તાર માટે એક બાજુ સ્વભંડોળનો ઠરાવ દર્શાવવો અને બીજી બાજુ સરકારી યોજના હેઠળ વર્ક ઓર્ડર આપવો—આ વિસંગતતા પાલિકાની કામગીરી સામે શંકાની સોય ચીંધી રહી છે. નિયમ મુજબ ૫ લાખથી વધુ રકમના કોઈપણ વિકાસ કામ માટે જાહેર ટેન્ડર બહાર પાડવું ફરજિયાત હોય છે. આમ છતાં, આ લાખો રૂપિયાના કામમાં નિયમ મુજબનું જાહેર ટેન્ડરિંગ કર્યા વિના જૂના મંજૂર થયેલા ભાવોના હવાલા આપી કામગીરી સીધી એજન્સીને પધરાવી દેવાઈ હોવાની વિગતો ચર્ચાનો વિષય બની છે. ૩૧ લાખથી વધુના ખર્ચ સામે ટેન્ડરિંગની પારદર્શિતા ન જળવાતા પાલિકાના વહીવટી તંત્ર સામે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી રહી છે.

વલસાડ પત્રકાર સંઘની રચના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : વલસાડ જિલ્લામાં પત્રકાર આલમના ઉત્થાન, લોકપ્રશ્નોના સચોટ નિરાકરણ અને પત્રકારોની એકતા માટેં વલસાડ પત્રકાર સંઘની રચના કરવામાં આવી છે. આ સંઘના માધ્યમથી સિનિયર પત્રકારોના માર્ગદર્શન હેઠળ ફિલ્ડમાં સક્રિય અને ઉત્સાહી નવજુવાન પત્રકારોને એક જ મંચ પર લાવીને સમાજ તથા લોક પ્રશ્નોને વાચા આપી તેનું યોગ્ય નિરાકરણ લાવવાના ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવશે.



સિનિયર પત્રકારો અને ફિલ્ડમાં સતત મહેનત કરી રહેલા એક્ટિવ પત્રકારોને એક મંચ પર લાવવામાં દેયઝાદ ચોથિયા (બાવાજી) નો સિંહફાળો રહ્યો છે, અને તેમની આ ઉત્કૃષ્ટ સેવાઓને ધ્યાને રાખી તેમને સંસ્થાના કો-ઓર્ડીનેટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તાજેતરમાં મળેલી વિશેષ બેઠકમા સર્વાનુમતે સંસ્થાની નવી કારોબારી સમિતિના હોદેદારોની વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે ઉત્પલભાઈ દેસાઈ, ઉપપ્રમુખ કમલેશભાઈ હરિયાવાલા તરુણ ભાઇ નાયકા, મંત્રી બંકીમભાઇ દેસાઈ સહમંત્રી મુકેશભાઈ દેસાઈ, ખજાનચી કાદરભાઈ હાસમાની સહ-ખજાનચી પી. કે. ઠાકોર અને કો-ઓર્ડીનેટર દેયઝાદ ચોથિયા (બાવાજી) સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સંસ્થાનું સુચારુ સંચાલન અને વહીવટી શિસ્ત જળવાઈ રહે તે હેતુસર એક શિષ્ટ સમિતિની પણ રચના કરવામાં આવી છે. જેમાઉત્પલભાઈ દેસાઈ, બંકીમભાઈ દેસાઈ, કાદરભાઈ હાસમાની, કમલેશભાઈ હરિયાવાલા, સુભાષ ઠાકોર ની નવનિયુક્ત તમામ હોદેદારોને બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યો તથા શુભેચ્છકો દ્વારા ફૂલહાર પહેરાવી અને મોં મીઠું કરાવીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વલસાડ પત્રકાર સંઘની આ રચનાથી જિલ્લાના પત્રકારત્વ જગતમાં એક નવી જ ઉર્જા અને સકારાત્મક જોશ જોવા મળી રહ્યો છે.

ખારેલ ટોલનાકા નજીક બે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગણદેવી, તા.૩ : ગુજરાત રાજ્ય મોનિટરિંગ સેલ, ગાંધીનગરની ટીમે ગણદેવી તાલુકાના ખારેલ નજીક નવા એક્સપ્રેસ-વે ટોલનાકા પાસે વોચ ગોઠવી દમણથી સુરત લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. બે મારુતિ સુઝુકી ઈકો ગાડીમાંથી વિદેશી દારૂ અને બિયરના કુલ ૧૨૦ બોક્સ મળી આવતાં પોલીસે બે ચાલકની ધરપકડ કરી રૂ.૨૧,૮૪,૪૭૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

એસએમસીની ટીમને મળેલી બાતમીના આધારે ખારેલ ટોલનાકા નજીક વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન દમણ તરફથી આવતી શંકાસ્પદ નંબર GJ-15-CP-8731 & GJ-05-JH-4057ની બે ઈકો ગાડીઓને રોકી તપાસ કરતાં કાળા કપડાથી ઢાંકેલો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. બંને ગાડીઓમાંથી કુલ ૪,૨૨૪ બોટલ અને ટીન મળી આવ્યાં હતાં.

પોલીસે રૂ.૧૩,૨૮,૯૭૬ની કિંમતનો દારૂ-બિયર, રૂ.૮ લાખની બે ઈકો ગાડી, રૂ.૪૫,૫૦૦ના ચાર મોબાઈલ ફોન અને રૂ.૧૦ હજાર રોકડા મળી કુલ રૂ.૨૧,૮૪,૪૭૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ મામલે પોલીસે અચલારામ ઉર્ફે અશોક જોગારામ મનમોડા (૨૨) અને મોહન સદરામ બિશ્નોઈ (૩૪) (બંને રહે. મોગરાવાડી, વલસાડ, મૂળ રાજસ્થાન)ની ધરપકડ કરી છે. જ્યારે દારૂની હેરાફેરીનો મુખ્ય સૂત્રધાર સાગર દશરથ ભીસે (પાટીલ), પાયલોટીંગ કરનાર ધીરેન ઉર્ફે પિન્ટુ દલાલ, ગોપીચંદ ઉર્ફે ગોપાલ બિ'ઈ, બંને વાહનોના માલિકો, દમણમાં દારૂ પૂરો પાડનાર અને સુરતના રિસીવર સહિત અન્ય ૬ જેટલા આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.આ અંગે ગણદેવી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ નવસારી એલસીબીના પીએસઆઈ વાય.જે. ગઢવી ચલાવી રહ્યા છે.

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૪૦/૨૦૨૬
મુદત તારીખ :- ૦૪/૧૨/૨૦૨૬

અરજદાર : રસિકભાઈ બુધિયાભાઈ પાડવી
રહે. : હિંગળપાડા ફળિયું, પાંડવખડક, તા.ધરમપુર, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ-મંત્રીશ્રી, પાંડવખડક,
તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના દાદી **મૈયનુબેન માહાર્યભાઈ પાડવી**નું મરણ તા.૦૭/૦૫/૨૦૦૨ના રોજ મોજે ગામ-હિંગળપાડા ફળિયું, પાંડવખડક, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૦૪/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૦૩મી માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર

ગુજરાત સરકાર
સામાજીક વનીકરણ વિભાગ વલસાડ
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૨૬-૨૭

વલસાડ જિલ્લાના સામાજીક વનીકરણ વિભાગ વલસાડ હેઠળ વલસાડ ખાતે બીટગાર્ડ ક્વાર્ટર્સના બાંધકામ માટે એજન્સી/ સંસ્થાઓ પાસેથી ઈ-ટેન્ડરીંગ થકી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગતો વેબ સાઈટ www.nprocure.com પરથી જોવા મળશે.

અ.નં.	રેંજનું નામ	કામગીરીની વિગત	સ્થળ	અંદાજીત રકમ લાખમાં
૧	વલસાડ	બીટગાર્ડ ક્વાર્ટર	વલસાડ	૧૮.૦૦

૧) ટેન્ડર ડાઉનલોડ કરી ભરવાની તા.૦૩/૧૧/૨૦૨૬ થી ૧૮/૧૧/૨૦૨૬ના ૧૮:૦૦ કલાક સુધી
૨) ઈ.એમ.ડી. અને ટેન્ડર ડોક્યુમેન્ટ પહોંચાડવાની તા.૧૯/૧૧/૨૦૨૬ના સમય : ૧૭:૦૦ કલાકે સુધી
૩) બીડ ઓપનીંગ તા.૨૦/૦૧/૨૦૨૪ના સમય : ૧૫:૦૦ કલાકે
કચેરીનું નામ અને સરનામું : નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ AXN રિસોર્ટની બાજુમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સામે ચણવઈ વલસાડ ફોન નં.૦૨૬૩૨-૨૪૩૨૫૮

સહી/-
નાયબ વન સંરક્ષક સામાજીક વનીકરણ વિભાગ વલસાડ

નં.માહિતી/વલસાડ/૫૩૮/૨૦૨૬

ગુજરાત સરકાર
સામાજીક વનીકરણ વિભાગ વલસાડ
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭

વલસાડ જિલ્લાના સામાજીક વનીકરણ વિભાગ વલસાડ હેઠળ પારનેરા ખાતે વલસાડ રેંજ ફોરેસ્ટ ઓફિસના બાંધકામ માટે એજન્સી/ સંસ્થાઓ પાસેથી ઈ-ટેન્ડરીંગ થકી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગતો વેબ સાઈટ www.nprocure.com પરથી જોવા મળશે.

અ.નં.	રેંજનું નામ	કામગીરીની વિગત	સ્થળ	અંદાજીત રકમ લાખમાં
૧	વલસાડ	રેન્જ ફોરેસ્ટ ઓફિસ	પારનેરા વલસાડ	૩૫.૦૦

૧) ટેન્ડર ડાઉનલોડ કરી ભરવાની તા.૦૩/૧૧/૨૦૨૬ થી ૧૮/૧૧/૨૦૨૬ના ૧૮:૦૦ કલાક સુધી
૨) ઈ.એમ.ડી. અને ટેન્ડર ડોક્યુમેન્ટ પહોંચાડવાની તા.૧૯/૧૧/૨૦૨૬ના સમય : ૧૭:૦૦ કલાકે સુધી
૩) બીડ ઓપનીંગ તા.૨૦/૦૧/૨૦૨૪ના સમય : ૧૫:૦૦ કલાકે
કચેરીનું નામ અને સરનામું : નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ AXN રિસોર્ટની બાજુમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સામે ચણવઈ વલસાડ ફોન નં.૦૨૬૩૨-૨૪૩૨૫૮

સહી/-
નાયબ વન સંરક્ષક સામાજીક વનીકરણ વિભાગ વલસાડ

નં.માહિતી/વલસાડ/૫૩૫/૨૦૨૬

-: જાહેર નોટીશ તથા જાહેર ચેતવણી :-

આથી જાહેર જનતાને તથા લગતા વળગતા તમામને જાણ કરવાની કે નીચે મીલ્કતનાં વર્ણનમાં જણાવેલાં વર્ણન અને ક્ષેત્રફળવાળી મીલકત સૌ પ્રથમ હમારા અસીલ પ્રજ્ઞેશ સુમનલાલ દેસાઈ તે મધુબેન મણીલાલ દેસાઈનો દિકરો, રહેવાસી-૬-કે, છીરી, દેસાઈવાડ, તાલુકા-વાપી, જીલ્લો-વલસાડનાં મંધુબેન મણીલાલ દેસાઈના પિતાશ્રી સ્વ. મણીલાલ બાવાભાઈ દેસાઈના નામે ચાલતી આવેલ હતી અને તેઓ ગુજરી જવાથી તેમના સીધીલીટીના વારસદારોમાં ૧. લાડુબેન ઉર્ફે વજયાબેન મણીલાલ દેસાઈ પત્ની, ૨. ઈન્દુબેન મણીલાલ દેસાઈ-પુત્રી, ૩. મધુબેન મણીલાલ દેસાઈ-પુત્રી, ૪. ચિતરંજન મણીલાલ દેસાઈ-પુત્ર, ૫. સુશીલાબેન મણીલાલ દેસાઈ-પુત્રી કાયદેસરના સીધીલીટીના વારસોમાં આવે છે. અને તેમના વારસાઈની ફેરફાર નોંધ નંબર - ૩૪૭ તા.૧૯-૦૨-૧૯૪૩ના રોજ કરવામાં આવેલ છે જે નોંધમાં સીધીલીટીના તમામ વારસદારોને બતાવવામાં આવેલ નથી જેથી આ નોંધ નંબર-૩૪૭ ગેરકાયદેસરની છે. આ જમીનમાં હમારા અસીલે કોઈ હક્ક જતો કરેલ નથી, અને આ જમીનમાં હમારા અસીલનું પણ લાગભાગ, હક્ક હીસ્સો, માલીકી, કબજો, સમાયેલો છે. આ જમીનનું ટાઈટેલ ચોખ્ખુ નથી, અને મજકુર જમીનનું ખોટી રીતે વેચાણ થયુ છે અને હાલે મજકુર જમીન મે. યુથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીનો ભાગીદાર ૧. વૈભવીબેન શશિકાંત પટેલ ૨. ભરતભાઈ ભીખુભાઈ શાહ ૩. પારિતોષ પ્રકાશ શાહ ૪. પ્રવલ વિજયકુમાર શાહ નામે ચાલે છે. જે ગેરકાયદેસરનું છે. અને જેથી હમારા અસીલની મીલકતના વર્ણનમાં બતાવેલ મીલકત, જમીન, બાબતે ખરીદી/વેચાણ વિગેરેનો કોઈપણ પ્રકારનો વ્યવહાર તમોએ કે કોઈપણ વ્યક્તિએ કે કંપનીઓએ કે પેઢીઓએ કે અન્યોએ કરવો નહી તેમ છતાં જો કોઈ કરશે તો તે હમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેથી મજકુર જમીન ખરીદ/વેચાણ કે મજકુર જમીનને લાગતા વળગતા ખરીદ/વેચાણ થવા સામે હમારા અસીલને સખત વાંધો છે. તેમ છતાં મિલકત વેચાણ કરશે તો તેના વિરૂધ્ધમાં હમારા અસીલ તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરશો. જેની જાહેર જનતાઓએ તથા મિલ્કત ખરીદનારે ગંભીર નોંધ લેવી.

-: મીલ્કતનું વર્ણન :-

વલસાડ ડીસ્ટ્રીક્ટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાના મોજે ''વલવાડા (બીનખેતી)'' હદ વિસ્તારમાં આવેલી ખેડખાતાની જમીન જે નીચેનાં વર્ણન અને ક્ષેત્રફળવાળી જમીન મીલકત તેને લગતાં લાગતાં વળગતા અન્ય તમામ પ્રકારના હક્કો સહીત.

સિટી સર્વે નંબર	ચો.મી.
NA ૧૧૭૧	૨૮૦૭
NA ૬૬૪/પૈ૧	૩૯૨૦

તારીખ : ૩૧/૧૦/૨૦૨૬
ઓફીસ : ઓફીસ નંબર - ૧૦૩, સાંઈ મેજીસ્ટી બીલ્ડીંગ, પેપીલોન હોટલની સામે, ગુંજન, વાપી, તાલુકા-વાપી, જીલ્લો-વલસાડ
મો.૯૧૭૩૫૩૨૪૦

સહી/-
મારી મારફતે
(શશાંકકુમાર એ. મિશ્રા, એડવોકેટ)
સહી/-
(પ્રજ્ઞેશ સુમનલાલ દેસાઈના એડવોકેટ)

LOST MARK SHEET

I under signed Name PATEL PATH JAYESH Age.19, Residing at Kevdi Falia, Village:CHALA-VAPI, Tal. Vapi, Dist. Valsad (Gujarat) INDIA hereby declare on oath that I was Student of (Name of School) 'VAPI PUBLIC SCHOOL, VATAR-VAPI during the educational year '2025-26 affiliated to C.I.S.C.E.BOARD, DELHI I has appeared in the Examination. of 2025-26 with 12TH Roll No.2266391/072 from the 'VAPI PUBLIC SCHOOL, VATAR-VAPI Centre I had received the MARK SHEET from C.I.S.C.E.BOARD, DELHI for aforesiad examination, which is lost by me and not traceable in spite of my sincere efforts.

I will not misuse the DUPLICATE MARK SHEET if it is issued t me and I will return the original Mark Sheet, if I find the same in future. The said affidavit done for getting the DUPLICATE Mark sheet.

Date : 03-11-2026

Sd/-
PATEL PATH JAYESH

CHANGE OF NAME

OLD NAME
GHANCHI ALSEF ANVERBHAI
NEW NAME
ALSEF ANWAR
ADD. H. NO, , 3/39, KHARAWAD NANI DAMAN 396210

CHANGE OF NAME

PATEL BHAVISHREE SURESH ALIAS BHAVISHRI SURESH PATEL
DATE OF BIRTH 20/09/1996
ADD: H.NO. 185, BANDH FALIYU, KADAIYA, NANI DAMAN 396210

CHANGE OF NAME

(OLD NAME)
MAHYAVANSHI MINALBEN NAVINBHAI
(NEW NAME)
MINAL NAVNITBHAI MAHYAVANSHI
ADD : 178/ K,MAHYAVANSHI FALIA,DALWADA, NANI DAMAN 396210

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સેલવાસ નગર પાલિકા
નિવિદા આમંત્રણ સુચના

કાર્ય નું નામ: જૈન સ્વીટથી પ્રેમલદીપ સ્કવેર સુધી W/S HDPE પાઇપલાઇન પૂરી પાડવી અને નાખવી. (2nd Call)

ટેન્ડર સૂચના નં.	૧૬ of ૨૦૨૬-૨૭
ટેન્ડર ID	2026_UTDNH_8322_1
દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ	03/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ વાગ્યે
પ્રિ – બિડ મીટિંગ ની તારીખ	Nil
બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય	૧૩/૧૧/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે
બિડ ઓનલાઇન ખુલવાની તારીખ	૧૩/૧૧/૨૦૨૬ ૧૫.૦૦ વાગ્યે

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

Web Site : https://dnhtenders.gov.in
Mail ID: silvassamunicipalcouncil.com
Phone No. 0260-2633193
Mo. No.: +91 8347472611

કોઈપણ અન્ય વિગતો:

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

NO.:IP/DMN/2/5/2026-27/614 DATED : 03/11/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સુચના

પરિયારી ગ્રામ પંચાયત, મોતી દમણમાં પરિયારી વરલીવાડ તળાવમાં ચેઈનલિંક ફેન્સિંગ પૂરી પાડવી અને ફિક્સિંગ.(2nd Call)

ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_5027_1

For details please scan	ડાઉનલોડની છેલ્લી તારીખ : 10/11/2026
	ઓફ્લાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ : 10/11/2026
https://ddtenders.gov.in	બિડ ખોલવાની તારીખ : 10/11/2026

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.:IP/DMN/2/5/2026-27/613 DATED : 03/11/2026

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૨૯૭/૨૦૨૬
ક્રિ.પ.અ.નંબર - ૧૮૨૪/૨૦૨૬
તા.૦૩/૧૧/૨૦૨૬

અરજદાર : સ્કોફિલ વિલિયમ શિહોરી
વિ.
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર વલસાડ નગરપાલિકા, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર સ્કોફિલ વિલિયમ શિહોરી રહેવાસી ગીરા હાઉસ, તિથલ રોડ, કલેકટર બંગલાની સામે તા.જી. વલસાડનાએ તેમના અરજદાર (પોતાના) સ્કોફિલ વિલિયમ શિહોરી જન્મ રહેવાના ઘરે ગીરા હાઉસ, તિથલ રોડ, કલેકટર બંગલાની સામે તા.જી. વલસાડ મુકામે તા.૨૪/૦૯/૧૯૬૦ના રોજ થયેલ છે. જેઓની જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૨૪/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૬/૧૧/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તૈયાર કરનાર સહી/- (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી/- (સુપીન્ટેન્ડન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, વલસાડ

DOMS Industries Limited

CIN: L36991GJ2006PLC049275
Regd. Office: J-19, G.I.D.C, Opp. Telephone Exchange, Umbergaon, Gujarat, India, 396171
Website: www.domsindia.com; Email: ir@domsindia.com; Telephone: +91 7434888445

Extract of the Consolidated Financial Results for the quarter and six months ended September 30, 2026

(in ₹ lakhs, except per equity share data)

Sr. No.	Particulars	Quarter ended September 30, 2026 Unaudited	Six months ended September 30, 2026 Unaudited	Quarter ended September 30, 2025 Unaudited
1	Total Income from operations	66,775.40	133,826.22	56,791.06
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items)	6,133.98	12,248.74	8,182.57
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	5,095.01	11,208.93	8,181.32
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	3,832.17	8,359.68	6,085.40
5	Total Comprehensive Income for the period (Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax))	3,812.94	8,211.52	5,976.09
6	Paid-up Equity Share Capital (Face value of ₹ 10 per share)	6,068.83	6,068.83	6,068.76
7	Other Equity	-	-	-
8	Earnings per equity share (not annualised) (Face value ₹10/- each)			
	- Basic (in ₹)	6.12	13.45	9.60
	- Diluted (in ₹)	6.10	13.40	9.58

In terms of Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the key items of Standalone Financials Results are given below:

Extract of the Standalone Financial Results for the quarter and six months ended September 30, 2026

(in ₹ lakhs, except per equity share data)

Sr. No.	Particulars	Quarter ended September 30, 2026 Unaudited	Six months ended September 30, 2026 Unaudited	Quarter ended September 30, 2025 Unaudited
1	Income from operations (Turnover)	58,908.35	119,235.31	49,891.31
2	Profit before tax	4,723.04	10,463.81	7,468.62
3	Profit after tax	3,514.69	7,801.72	5,577.06
4	Total Comprehensive Income for the period after tax	3,496.44	7,653.98	5,469.94

Notes:

1 The above is an extract of the detailed format of unaudited consolidated and standalone financial results for the quarter and six months ended September 30, 2026 filed with the stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited consolidated and standalone financial results for the quarter and six months ended September 30, 2026 are available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website www.domsindia.com.

2 The above unaudited financial results have been reviewed and recommended by the Audit Committee at its meeting held on November 02, 2026. The Board of Directors at its meeting held on November 02, 2026 have approved the above results and taken them on record. The same can be accessed by scanning the QR code provided below:

Date: November 02, 2026
Place: Umbergaon

For and on behalf of the Board of Directors of
DOMS Industries Limited
Sd/-
Santosh Raveshia
Managing Director
DIN: 00147624

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપ્પલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીચુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરફેક્ટ ફુટવેર
કાપડીયા કોમ્પેલક્ષ, ન્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man
Raymond dinesh Siyaram's DONEAR
DIGJAM NIRVAN SHIRTINGS ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

Wednesday 04, November 2026

દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

દિવાળી અને છઠ પર ઘરે જવા ટ્રેનો હાઉસફુલ

વાપી રેલ્વે સ્ટેશને મુસાફરોનો ધસારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૩ : દિવાળી અને છઠ પર્વ પર પરિવાર સાથે ખુશીઓ મનાવવા માટે ઉત્તર પ્રદેશ અને બિહાર જનારા પ્રવાસી મજૂરોની મુશ્કેલી વધી ગઈ છે. વાપી અને વલસાડથી ઉત્તર પ્રદેશ અને બિહાર જતી સ્પેશિયલ ટ્રેનોમાં સીટ નથી મળી રહી. સામાન્ય અને સ્લીપર કોચમાં પગ મૂકવાની જગ્યા નથી, જ્યારે થર્ડ એસીનું ટિકિટ ખિસ્સા પર ભારે પડી રહ્યું છે.

વાપી અને વલસાડથી ઉત્તર પ્રદેશ અને બિહારની ટ્રેનોના સંચાલનના કારણે તહેવારો દરમિયાન યાત્રીઓને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલની તારીખે પણ કન્ફર્મ ટિકિટ મળી રહી નથી. વાપી અને વલસાડથી ઉત્તર પ્રદેશ અને બિહાર જતી સ્પેશિયલ ટ્રેન સ્ટેશન પર ઘરે જનારા યાત્રીઓની ભીડ દિવસેને દિવસે વધી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કન્ફર્મ ટિકિટ માટે યાત્રીઓને રઝળપાટ કરવી પડી રહી છે. વાપીમાં કામ કરતા ઉત્તર પ્રદેશના મજૂરોના જણાવ્યા મુજબ, પરિવાર સાથે દિવાળી અને છઠ મનાવવા માટે ઘરે જવાની તૈયારી મહિના પહેલાથી કરી પડે છે.

સામાન્ય અને સ્લીપર કોચમાં પગ મૂકવાની જગ્યા નથી, થર્ડ એસીની ટિકિટ પણ ખિસ્સા પર ભારરૂપ

ટિકિટ ન મળતા પરિવાર સાથે યાત્રા કરવી મુશ્કેલ બને છે. તો વળી, બિહારના નિવાસી અને કંપનીમાં નોકરી કરતા લોકોનું કહેવું છે કે સામાન્ય અને સ્લીપર કોચમાં ટિકિટ મળતી નથી. પૈસા ભરવા છતાં હેરાન થઈ જવાય છે.કન્ફર્મ ટિકિટની જગ્યા માટે ઘણા પૈસા ચૂકવવા પડે છે. ચારથી પાંચ સભ્યો વાળા પરિવારને કન્ફર્મ ટિકિટ માટે ૧૫ થી ૧૮ હજાર રૂપિયા ખર્ચ કરવા પડે છે. તહેવારોમાં તત્કાલ ટિકિટમાં ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયા વધુ ચૂકવવા પડે છે. કેટલાક પરિવારો એક મહિનાની કમાણી ટિકિટ પાછળ ખર્ચી રહ્યા છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે અને સમાચારો માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

ધરમપુરમાં પીકઅપ અને બાઈક અકસ્માતમાં આધેડનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૩ : ધરમપુર તાલુકાના સામરસિંગી ફાટકથી પાંડવખડક તરફ જતા માર્ગ પર પીકઅપ અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતાં ૫૧ વર્ષીય રમેશભાઈ માહલાનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ગત રોજ સવારે આશરે ૯થી ૯ઃ૩૦ વાગ્યાના અરસામાં પીકઅપ વાહન નંબર GJ-15-AV-9735 ના ચાલક રોહિતભાઈ જીવલભાઈ જાદવે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી સામેથી આવતી રમેશભાઈ લાછીયાભાઈ માહલાની સ્પ્લેન્ડર મોટરસાઈકલ નંબર GJ-15-AB-7599 સાથે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રમેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ સહિત શરીરના અન્ય ભાગે ઈજાઓ પહોંચી હતી. જોકે, સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના બનેવી ચેદરભાઈ રતનાભાઈ ભોયા રહે. સામરસિંગી કરેલ ફરિયાદ અનુસાર ધરમપુર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પારનેરાના ગેરેજમાં આગથી બે કાર બળીને ખાખ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૩ : વલસાડના પારનેરા હાઈવે નજીક આવેલા મોટર્સ ગેરેજમાં ભીષણઆગની ઘટનામાં બે કાર, ગેરેજનો સામાન અને ટેબલના ખાનામાં રાખેલા ૨૦ હજાર રૂપિયા રોકડા બળીને નુકસાન થયું છે. ઘટનાની જાણ થતા વલસાડ ફાયર બ્રિગેડ અતુલની ટીમ દોડી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. વલસાડ તાલુકાના પારનેરા ગામ ના ધોડિયાવાડ વિસ્તારમાં હાઈવે નજીક આવેલા મિતેશ પટેલના મહર્થ મોટર્સ ગેરેજ આવેલી છે આ ગેરેજમાં બપોરે આશરે ૧૨ કલાકે અચાનક આગ ફાટી નીકળવાની ઘટના બની હતી. આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ગેરેજમાં રહેલી બે કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઉપરાંત ગેરેજમાં રાખવામાં આવેલો અન્ય સામાન ગેરેજના ટેબલના ખાનામાં રાખવામાં આવેલા અંદાજે ૨૦ હજાર રૂપિયા રોકડા પણ બળીને ખાખ થયા હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, આગ લાગવાની જાણ થતાં જ વલસાડ અને અતુલ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. ખાસ વાત એ છે કે ફાયર બ્રિગેડની ટીમ માત્ર ૧૦ મિનિટમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. હાલ આગ લાગવાનું કારણ શોટશર્કિટ થી થયા હોવાની જાણવા મળી રહ્યું છે.

વાપીમાં પત્રકાર પર હુમલો કરનાર ૪ આરોપી ઝડપાયા


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૩ : ગત તા. ૦૧/૧૧/૨૦૨૬ ના રોજ વાપી ગીતાનગર એવરસાઈન ટાવરના પાર્કિંગમાં પત્રકાર ક્રિષ્ના ઘનશ્યામ ઝા સાથે ગેરકાયદેસર મંડળી રચી જૂની અદાવતમાં ગાળાગાળી, ઝઘડો કરી ઢીકાપાટુ અને મુક્કાનો માર મારી મારી નાખવાની ધમકી આપી નાસી ગયેલા આરોપીઓને વાપી ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. આ બનાવ અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં એ પાર્ટગુનો નોંધાયો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સિસ તથા ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓને પકડી પાડ્યા છે.

પકડાયેલ આરોપીઓમાં મુકેશ ઉર્ફે વિજય સુભાષ જીતુપ્રસાદ ગુપ્તા ઉ.વ. ૪૧, રહે. હાલ ગીતાનગર સ્ટેશન રોડ, એવરસાઈન ટાવર એ-વિંગ ફ્લેટ નં. ૨૦૭ વાપી, મૂળ રહે. ગામ દેવગલીજેરામ, પો.સ્ટ. મદનપુર, જી. દેવરીયા, યુ.પી., ગૌરાંગ ઉર્ફે ગુડ્ડુ પરસોત્તમભાઈ રતીલાલ માલ્હાવંશી ઉ.વ.૩૩, હાલ રહે. માલ્હાવંશી મહોલ્લો, રામધારી ચક્કીની સામે, ગીતાનગર વાપી,સુરજ શર્મા રામબરન શ્રીકાંત શર્મા ઉ.વ.૨૫, હાલ રહે. ગીતાનગર શ્રીજી પેલેસ સામે, પ્રેમનાથની ચાલી રૂમ નં.૪ વાપી, મૂળ ધુમટાહાર, રાયબરેલી યુ.પી.અને રવિકાંત રાજકુમાર શેખી યાદવ ઉ.વ.૩૩, હાલ રહે. રૂમ નં.૦૯, ચૌહાણની ચાલ, મૌનીબાબા મંદિર પાસે, ગીતાનગર વાપીનો સમાવેશ થાય છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી.ઝાલાની સૂચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. આર.ડી.પટેલ તથા એ.એસ.આઈ. પ્રદિપસિંહ પ્રતાપસિંહ , તથા અ.હે.કો. પ્રતિપાલસિંહ ભરતસિંહ ઝાલા તથા અ.હે.કો. વિરેન્દ્ર નરેશભાઈ, અ.પો.કો. ક્રિપાલસિંહ ચંદુભાઈએ ટીમ વર્કથી કરેલ છે.

વાપીની મિની સિવિલ હોસ્પિટલમાં પ્રથમ દિવસથી જ દર્દીઓનો ધસારો

ચલા CHC નો તબીબો સહિત ૮૦ માણસોનો સ્ટાફ સિવિલમાં શિફ્ટ, પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં દર્દીઓ નોંધાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩ : વાપીમાં નવનિર્મિત મિની સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ થયા બાદ પ્રથમ દિવસથી જ દર્દીઓનો ધસારો જોવા મળ્યો હતો. હોસ્પિટલ શરૂ થતાની સાથે જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ચલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) નો તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ સહિત ૮૦ માણસોનો સ્ટાફ નવી સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો છે. સમગ્ર સ્ટાફ હવે મિની સિવિલ હોસ્પિટલમાંથી જ સેવા આપશે. જોકે વાપી મીની સિવિલ હોસ્પિટલના આર એમ ઓ ડૉ. નીતિન પટેલના જણાવ્યા મુજબ ચલા સીએચસીમાં હાલ માત્ર ડાયાલિસિસના દર્દીઓને શિફ્ટ કરવાના બાકી છે જેમાં થોડાં દિવસ લાગશે.

બાકી સીચેસીમાં તમામ આરોગ્ય સેવા બંધ કરવામાં આવી છે. પ્રથમ દિવસે સાંજે ૪ વાગ્યાથી ઓપીડી શરૂ કરવામાં આવતા જ મોટી સંખ્યામાં દર્દીઓ નોંધાયા હતા. તાવ, શરદી, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા સામાન્ય રોગોના દર્દીઓ સારવાર માટે ઉમટી પડ્યા હતા. ખાસ કરીને સીએચસીમાંથી એક પ્રસૂતા મહિલાને તેની નવજાત બાળકી સાથે નવી મિની સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરી ભરતી કરવામાં આવી હતી, જે આ હોસ્પિટલની પ્રથમ દર્દી બની હતી. વાપી જેવા ઔદ્યોગિક શહેરમાં લાંબા સમયથી સિવિલ હોસ્પિટલની માંગ હતી, જે આખરે પૂર્ણ થતા શહેરીજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

વાપીના ૪ પો.સ્ટે.માં ૨ દિવસમાં માત્ર ૬ એઆઈઆર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૩ : મુખ્યમંત્રી અને ડેપ્યુટી સીએમના વાપીમાં કાર્યક્રમને લઈ ચાર પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલથી વાપી ટાઉન, જીઆઈડીસી, ડુંગરા અને ટ્રાફિક પોલીસ મથકનો મોટાભાગનો સ્ટાફ, પીઆઈ, પીએસઆઈ સહિતના અધિકારીઓ સીએમના કાર્યક્રમના બંદોબસ્તમાં જોતરાયા હતાં. રૂટ, સભા સ્થળ અને ટ્રાફિક વ્યવસ્થામાં પોલીસ દિવસ-રાત વ્યસ્ત હતી તેની અસર પોલીસ કામગીરી પર પડી છે. છેલ્લા બે દિવસમાં આ ચારેય મથકમાં મળીને દારૂ પીધેલા અને પ્રોહીબિશન સહિતની મળીને માત્ર ૬ જ એફઆઈઆર નોંધાઈ છે. સામાન્ય દિવસોમાં એક પોલીસ સ્ટેશનમાં એક જ દિવસમાં ઓછામાં ઓછી ૮ થી ૧૦ એફ આઈ આર નોંધાય છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બંદોબસ્ત પૂરો થયા બાદ નિયમિત કામગીરી પૂર્વવત થશે.

RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10
13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks From Nursery to Std 10
Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10
Sports – Table Tennis · Library & Reading Room · Creative Learning & Activity · Fun with Numbers · Science Lab · LCD Class Rooms
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn · Grow · Achieve Together

GK LOWPRICE SUPER STORE
SINCE 1999, Serving with Care
Har Ghar Ki Khushiyon Mein Hum Bhi Hain Saath!
Diwali Utsav 2026
SHOP FOR ₹800 & GET A SURPRISE GIFT COUPON!
BIG SAVINGS BIGGER SMILES
8 COUPON · 14 COUPON · 20 COUPON · 30 COUPON · 40 COUPON
Accepting CORPORATE & BULK ORDERS for Diwali
PREMIUM DRY FRUITS, CHOCOLATES & FESTIVE BOXES
Make Your Gifting More Special!
Offer Valid From 11th Oct 2026 - 08th Nov 2026
Coupon Submission & gifts takeawy will carried out from 15th Nov 2026 to 15th Dec 2026
TERMS & CONDITIONS:
This Gift Coupon can be used only at GK Low Price Super Store Vapi (E)
This Gift Coupon has to be redeemed in numbers mentioned and partial redemption is not allowed.
This Coupon cannot be revadidated once expired
The Holder of this Coupon is deemed to be the beneficiary.
The Gifts available in exchange of stipulated number of coupons cannot be returned or swapped with other gifts
If there is a return of any products purchased using a Gift Coupon, the balance will not be credited, it is mandatory to buy other product against it with same or more value.
Points will be allotted according to the bill, if and only if it is registered.
Shop no. 6,7,8 Bhanu Kiran Complex, Gunjan, Vapi - 396195
+91-7096223366
Celebrate Togetherness This Diwali

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા · વાયર · વેલ્ડમેસ · ખીલી · હુક · જાળી · નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

ગાંધી જયંતિ के अवसर पे
खादी पे 30 % और
सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है; मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL · HANDMADE · SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

ANKUR
Kids Wear
0 TO 14 YEARS
Bazar road Vapi West
M: 09687735990

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**